# જાગૃતિ સંદેશ


Price : 5/-
Total Page : 36

JAGRUTI SANDESH

Vol 15 Issue No. 10 - Mumbai    OCTOBER 2015


પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર



Chheda®
dry fruits

વેસ્ટર્ન સબર્બના સ્વાદ શોખીન જનતા માટે નવું નજરાણું !


# છેડા ડ્રાઈફ્રુટસ્® (સેન્ટ્રલ માટુંગા)ની વિલેપારલા (પૂર્વ) માં સ્થાપના

A-5, Agrawal Market, Opp. Dinanath Mangeshkar Hall,
Vileparle (E), Mumbai - 400 057.
Tel.: 4013 1818 / 4014 1818 • Mob.: 88280 10309
E-mail : chhedadryfruits57@gmail.com
**Harish Savla & Chetan Chheda**

''ધરતીનો છેડો જો ઘર હોય... તો ....
પેટની તંદુરસ્તીનું રાઝ ડ્રાઈફ્રુટસ્ હોઈ શકે !''

જી હા ! સ્વાદિષ્ટ સારો ને ચોખ્ખો સૂકો મેવો ખાઈયે
તો તન અને મનની તંદુરસ્તી વધે જ છે !
કહેવાય છે કે – An idea can change your life !!
સ્વાદ, શુધ્ધતા અને સેવાની કસોટીમાં પ્રથમ નંબરે પાર ઉતરનાર
**છેડા ડ્રાઈફ્રુટસ્ – માટુંગા અને વિલેપારલા (પૂર્વ)** માં એક એવું વિશ્વસનીય સ્થળ છે,
જયાંથી ખરીદાયેલ પ્રત્યેક વસ્તુ આરોગ્યવર્ધક ચોખ્ખી – શુધ્ધ – સ્વાદિષ્ટ અને
વ્યાજબી ભાવમાં મળે છે !
આપને ત્યાં આવતા શુભ પ્રસંગોએ નાના–મોટા ફેન્સી પેકીંગમાં
ડ્રાયફ્રૂટ્સ – મીઠાઈઓ – ચોકલેટસ પેક કરી આપવામાં આવશે.

We will undertake processing of your home made edible material
by DEHYDRATION & VACCUM PACKING.



ADVT.

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

### જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કૅબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| | શ્રી દીનેશ એલ. નાણાવટી |
| સેક્રેટરી જનરલ | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી | : શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી દ્વિજેશ પી. શાહ |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી અનિલ જી. દોશી |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી પ્રવીણ એ. શાહ | શ્રી રવજી જી. ગાલા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી રમેશ એમ. સંઘવી |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂ.૫/-  વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

છેલ્લા મહિના દરમિયાન રાજકીય, આર્થિક, ધાર્મિક, ન્યાય, વ્યાપાર ક્ષેત્રે ઘણા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય આશ્ચર્યજનક આંચકા આવેલા છે. આપણી સંસ્થા આ બધાં વિવિધ ક્ષેત્રોથી પર રહી શકે નહીં. આ બધાં ક્ષેત્રો વિશે આપણા સમાજના યુવાનો અને વયસ્કો ચર્ચા કરી પોતપોતાના અભિપ્રાયો આપતા જ હોય છે અને એ રીતે જનમત કેળવાતો હોય છે.

હું પણ 'જાગૃતિ સંદેશ'માં ચૅરમૅનને ફાળવવામાં આવેલી કૉલમ મારફત મારા અભ્યાસ અને અનુભવોને આધારિત વાંચેલી-સુકર્ણીત દરેક હકીકતોનું પૃથક્કરણ કરી નિર્દેશિત કરું છું અને મને આનંદ થાય છે કે વિવિધ સેન્ટરોની મુલાકાત દરમિયાન મને આ વિશે સારા–Positive પ્રત્યાઘાત સાંભળવા મળે છે, કારણ હું મારા અવલોકન પૂર્વગ્રહરહિત તટસ્થતાથી આપવાની કોશિશ કરું છું... આ માટે હું મારા સભ્યો તથા વાચકમિત્રોનો ખૂબ જ આભાર માનું છું.

તાજેતરમાં રવિવાર, તા. ૧૯-૭-૨૦૧૫ના રોજ સયાજી નગરી બરોડામાં 'જૈન જાગૃતિ ચોક' બનાવી લોકાર્પણ કરવામાં આવ્યું. આ એક ગૌરવપ્રદ ઘટના ગણાવી શકાય. આ રીતે નામાધિકરણ થવું એ જૈન જાગૃતિ સેન્ટરને મળેલી કાયમી માન્યતા કહેવાય જે ઓળખ વરસોવરસ રહે છે. જેજેસી પ્રવેશદ્વાર પણ આ રીતે જ માન્યતા પામે છે.

મારું એવું માનવું છે કે દરેક ગામમાં જૈનો પ્રતિષ્ઠિત મહાજન તરીકે સામાજિક વગ ધરાવે છે. જૈનો જો ઇચ્છે તો દરેક ગામમાં આ રીતે જૈન જાગૃતિ સેન્ટરના નામે ચોક કે પ્રવેશદ્વારનું નિર્માણ થઈ શકે. એ માટે જરૂર છે નિષ્ઠાપૂર્વકના થોડા પરિશ્રમની.

અગાઉ પણ મેં 'જાગૃતિ સંદેશ' દ્વારા જ દરેક સેન્ટરના પદાધિકારીઓને વિનંતી કરી હતી. બરોડામાં જૈન જાગૃતિ ચોક બનાવવા માટે તનતોડ પ્રયત્ન કરી નગરપાલિકામાં 'ગુડવિલ'નો ઉપયોગ કરી ચોકને જેજેસી ચોકનું નામકરણ મેળવવા સફળતા પ્રાપ્ત કરનાર જેજેસી-બરોડાના પ્રમુખ તથા તેમની કારોબારી ટીમને ધન્યવાદ આપું છું.

સમાચાર પ્રમાણે હવે ઘણાં ગામમાં આવા પ્રયત્ન ચાલે છે. તેઓને જેજેસીના નામને ઉજાગર કરવામાં સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવું છું.

યોગાનુયોગ આજે બીજી ઑક્ટોબર છે. જગતમાં દરેક સેકન્ડે ૧૧૦ માનવ જન્મે છે, પણ ૧૪૪ વર્ષ પહેલાં આજના દિવસે એક મહામાનવનો જન્મ થયેલો, જેણે ગૂંચવાઈ ગયેલી દુનિયાને નવો રાહ બતાવી શાંત ક્રાંતિ કરી. માનવજાતના ઉત્પત્તિકાળથી જગતમાં અસંખ્ય યુદ્ધ-મહાયુદ્ધ-વિશ્વયુદ્ધ થયાં છે.

યુદ્ધ એટલે માનવસંહાર એવી માન્યતાનું ખંડન કરી આ મહામાનવે આપણને અહિંસક યુદ્ધનો પરિચય કરાવ્યો, એટલું જ નહીં, આવા યુદ્ધથી વિશ્વસત્તાને પણ નમાવી શકાય છે તેવું સાબિત કરી ચમત્કાર સર્જી દીધો. આપણા સદ્‌ભાગ્ય છે કે આવા મહામાનવના આત્માએ આપણી ભૂમિ ભારત અને એમાં પણ ગુજરાતમાં જન્મ લેવા પસંદ કર્યું અને આપણા ગુજરાતને ગૌરવ બક્ષ્યું. આવી મહાન વિભૂતિને આપણે મહાત્મા ગાંધી નામે ઓળખીએ છીએ.

પોરબંદર શું છે તેમ જો દૂરદૂરના ઓસ્લોના નાના બાળકને પણ પૂછવામાં આવે તો તે કહી દેશે 'Where Gandhiji was born.' – આ આપણું ગૌરવ છે.

આજના સપરમા દિવસે એટલે કે બીજી ઑક્ટોબરે ભારતમાં એક 'નાનો પણ રાઈનો દાણો' સમાન એક શક્તિશાળી માણસ પેદા થયો. 'જય જવાન જય કિસાન'નું અદ્‌ભુત સ્લોગન આપનાર એ 'બહાદુર' માણસને આપણે લાલ બહાદુર શાસ્ત્રી તરીકે ઓળખીએ છીએ.

સંપૂર્ણપણે ગાંધીવાદી માનવને પણ જો વધારે છંછેડવામાં આવે તો તે પણ રાઈનો દાણો બની જાય છે તેવું સાબિત કરતા લાલ બહાદુર શાસ્ત્રીએ આપણને નબળા માની મસ્તી કરનાર અયુબખાનની મૂછ મૂંડી નાખી હતી. આપણને આપણા એ સમયના વડા પ્રધાન માટે અપૂર્વ માન છે. જય હો!

હજી પણ હિંમતભર્યો નિર્ણય લેવાનો અવકાશ છે. જે રીતે ગુનાહિત રેકર્ડ ધરાવનાર રાજકારણીઓ સંબંધી નવી પેઢીએ (!) નિર્ણય લેવડાવ્યો તે રીતે!

આર્થિક રીતે પણ ખરાબામાં ફસાઈ ગયેલા આપણા દેશમાં એક જ જ્યોત પ્રકાશ આપે છે. ન્યાયની જ્યોત. હમણાંહમણાં આપણે જોયું કે ન્યાય ખાતાએ બંધારણના માળખામાં જ રહીને ઘણા હિંમતભર્યા ચુકાદા આપ્યા છે. હજી પણ Delayed Justice નિવારવા કાંઈક ક્રાંતિકારી પગલાં લેવાં આવશ્યક થઈ ગયું છે.

થોડુંક બાળકોને ઉદ્દેશીને! પ્યારા બાળકો, દિવાળી આવી રહી છે. તમે પણ ઉત્સાહમાં હશો. વૅકેશન, નવાં કપડાં, નવું નવું ખાવાનું, પિકનિક, પ્રવાસ... વાહ કેવી મજા. સાથે સાથે ફટાકડા ફૂટતા જોવાની પણ મજા... તમારા મિત્રો નવા નવા ફટાકડા ફોડતા હશે, તમને પણ ઇચ્છા થશે, પણ રૂકો...

આપણે જૈન કુળમાં જન્મ્યા છીએ... વિચારીએ... ફટાકડાથી કેટલા નિર્દોષ જીવ-કીડી, મંકોડા, જીવડાં તથા નરી આંખે ન દેખાતા હવામાંના અસંખ્ય જીવ મરી જાય છે. ઉપરાંત વાતાવરણ પ્રદૂષિત થાય. વડીલો, દાદા-દાદી, નાના-નાની તથા માંદા-બીમાર દર્દીઓને ફટાકડાના ધૂમધડાકાવાળા અવાજથી કેટલી તકલીફ પડે... મારાં પ્યારાં બાળકો, આજે જ પપ્પાને કહી દો – 'મારા માટે કોઈ જ ફટાકડા લાવશો નહીં, મને ફટાકડા ફોડવાની બાધા છે.' બોલો, કરશો ને! મને ચોક્કસ લખી મોકલાવજો કે તમે ફટાકડા ફોડવાની બાધા લીધી છે... OK!

દીપાવલી આવી રહી છે ત્યારે આપ સર્વે બહુ Busy થઈ ગયા હશો. આપ સર્વેને દીપાવલી મુબારક... તથા નવા વર્ષની શુભેચ્છા...

*લિ. રમેશ મોરબિયા*

*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

**ગરીબમાં ગરીબ પણ કરી શકે એવાં**
**મહાદાન એટલે**
**ચક્ષુદાન**



# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃતનગર | : | ૨૧-૯-૧૫ | ‘ગુજ્જુભાઈ The Great’ - ફિલ્મ | ◈ |
| | | ૨૩-૯-૧૫ | ‘બા તને હું ક્યાં રાખું?’ - નાટક | ★ |
| ● બોરીવલી | : | ૦૭-૯-૧૫ | ‘મોરી આવાજ હી પહચાન હૈ’ – ઑર્કેસ્ટ્રા | ✦ |
| ● ચેમ્બુર | : | ૨૮-૯-૧૫ | ‘ભરી લઉ આંખમાં જિંદગી’ - નાટક | ★ |
| ● દહિસર | : | ૧૯-૯-૧૫ | ‘ધ વેઈટિંગ રૂમ્સ’ - નાટક | ★ |
| ● જેમ જગડુશા | : | ૦૧-૯-૧૫ | ‘મૂવી ‘ફેન્ટમ’’ - પિક્ચર | – |
| | : | ૦૩-૯-૧૫ | ‘બા તને ક્યાં રાખું?’ - નાટક | – |
| ● જુહુ બીચ | : | ૦૮-૯-૧૫ | ‘શ્રી મનહર ઉધાસ’ - ગુજરાતી ગીત | ◈ |
| | : | ૧૨-૯-૧૫ | ‘સ્વામી ધર્મબંધુ’ - ધર્મ અને જીવન | ◈ |
| | : | ૧૩-૯-૧૫ | ‘સાધુ આદર્શ જીવનદાસ BAPS’ - સુખનું સરનામું (પ્રવચન શૃંખલા) | ◈ |
| | : | ૧૪-૯-૧૫ | ‘પ્રો. જય વસાવડા - હસતા હસતા કાપીએ રસ્તા’ (પ્રવચન શૃંખલા) | ◈ |
| | : | ૧૫-૯-૧૫ | ‘યાત્રિક ઝવેરી’ - રોહિણી - અને મહાવીરનો ઉપદેશ (પ્રવચન શૃંખલા) | ◈ |
| ● જુહુ | : | ૨૯-૯-૧૫ | ‘આજે રવિવાર છે’ - નાટક | ✦ |
| ● કાંદિવલી | : | – | ‘ધ વેઈટિંગ રૂમ્સ’ - નાટક | ◈ |
| ● કર્ણાવતી | : | ૧૩-૮-૧૫ | ‘મારી wife મેરી કોમ’ - નાટક | ◈ |
| | : | ૨૦-૯-૧૫ | ‘સ્વરગુંજન’ - મ્યુઝિકલ નાઈટ | ◈ |
| ● મુંબઈ | : | ૨૯-૯-૧૫ | ‘ભરી લઉં આંખમાં જિંદગી’ - નાટક | ◈ |
| ● મુલુંડ | : | ૨૮-૯-૧૫ | ‘મ્યુઝિક લવર (UNPLUGGED)’ - ઑર્કેસ્ટ્રા | ★ |
| | | | મનીષ જોષી (એમ.જે.) અને ભાવેશ શાહ | – |
| ● મલાડ | : | ૦૧-૯-૧૫ | ‘કિટી પાર્ટી મહિલા સ્પેશિયલ’ | ★ |
| | : | ૨૯-૯-૧૫ | ‘ધ વેઈટિંગ રૂમ્સ’ - નાટક | ★ |
| ● નોર્થ ઈસ્ટ | : | ૦૨-૯-૧૫ | ‘ફેન્ટમ’ - મૂવી | – |
| | : | ૦૮-૯-૧૫ | ‘બા તને ક્યાં રાખું?’ - નાટક | – |
| ● પેડર રોડ | : | ૨૬-૯-૧૫ | ‘ચિન્તા છોડ ચિન્તામણી’ - નાટક | ★ |
| ● રૉયલ જગડુશા | : | ૦૪-૯-૧૫ | ‘બા તને ક્યાં રાખું? - નાટક | – |
| ● શિવાજી પાર્ક | : | ૨૮-૯-૧૫ | ‘ધ વેઈટિંગ રૂમ્સ’ - નાટક | ◈ |
| ● સાયન માટુંગા | : | ૨૦-૯-૧૫ | ‘બા તને ક્યાં રાખું’ - નાટક | ◈ |
| ● ઉપલેટા | : | ૨૭-૯-૧૫ | ‘સમુહ ખમદ ખામણા સંગ’ - પ્રવચન | ★ |
| ● વિલે પાર્લે | : | ૦૩-૯-૧૫ | ‘મ્યુઝિકલ ઈવનિંગ’ - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● વાપી | : | ૦૪-૯-૧૫ | ‘વેલકમ બૅક’ - ફિલ્મ | ◈ |
| | : | ૨૨-૯-૧૫ | ‘IDEAL PARENTING’ - સેમિનાર | ✦ |
| | : | ૨૬-૯-૧૫ | ‘બધું ફાઈન છે’ - નાટક | ◈ |
| ● કલાનગરી વડોદરા | : | ૦૩-૯-૧૫ | ‘ફેન્ટમ’ - ફિલ્મ | ◈ |
| ● કલાનગરી લેડીઝ વિંગ (વડોદરા) | : | ૦૫-૯-૧૫ | ‘ઈન્વેસ્ટર કૅર’ - સેમિનાર | ✦ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦

# ભગવાન મહાવીર નિર્વાણ કલ્યાણક - દિવાળી

■ પૂ. શ્રી ધીરગુરુદેવનાં આજ્ઞાનુવર્તી તત્ત્વવેત્તા પૂ. વનિતાબાઈ મ.સ. 'વિનય'

*'ઉપસર્ગોમાં ધરી ધીરતા, તું જ ખરો મહાવીર!*
*કર્મ સામે કરી કેસરિયા, વિજય વર્યા સૌ વીર!*
*આત્મશ્રેયાર્થે સ્વમાં લીનતા, બતાવ્યું આત્મખમીર!*
*ધન્ય છે પ્રભુ તારી સાધનાને, જય હો પ્રભુ મહાવીર!'*

ત્રિલોકીનાથ ચરમ તીર્થંકર પરમાત્મા આપણા અનંત અનંત ઉપકારી ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ કલ્યાણકનો આજે પરમ મંગળદિન છે. પ્રભુ અનંતકાળના સંસારના પરિભ્રમણનો અંત કરીને અનંત એવી પંચમગતિ કે જ્યાં ગયા પછી કોઈ દુઃખ નથી; જન્મ, જરા કે મરણ નથી; આધિ, વ્યાધિ કે ઉપાધિ નથી; એવી આત્માની અનંત અનંત શાંતિમાં સ્થિર થયા.

આજે વીર પ્રભુને ૨૬૪૧ વર્ષ પૂરાં થઈ ગયાં. પ્રભુ કેવા હતા? પ્રભુનું નામ લઈએ ત્યાં અંતર આનંદવિભોર બની જાય. અહોભાવે મસ્તક ઝૂકી પડે. પ્રભુ તારી કરુણા કેવી? તેનું કોઈ માપ નથી. પ્રભુનાં પાંચ-પાંચ કલ્યાણક જગતના જીવોનું એકાંત હિત કરનાર બન્યાં. દેવલોકમાંથી નીકળ્યા તે ચ્યવન થયું કહેવાય.

**૧. ચ્યવન કલ્યાણકનું પુણ્ય**

પૂર્વના ત્રીજા ભવમાં આત્માને પરમવિશુદ્ધ બનાવી જિનનામકર્મ ઉપાર્જન કર્યું અને દસમા દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી નીકળ્યા તે ચ્યવન કલ્યાણકનું પુણ્ય શું? તે પુણ્યપ્રભાવે સૌપ્રથમ માતાને ૧૪ સ્વપ્ન આવે, તેના ભાવોમાં શુભની વૃદ્ધિ થવા લાગે, ધર્મધ્યાન કરવાના ભાવ જાગે વ્રતનિયમ લેવાની ભાવના પ્રબળ બને.

**૨. જન્મ કલ્યાણકનું પુણ્ય**

જ્યાં ભગવાન જન્મ ધારણ કરે ત્યાં ત્રણેય લોકમાં પ્રકાશનો તેજલિસોટો પ્રસરી જાય અને નારકી ને પરમવેદના વચ્ચે પણ શાતાનો અનુભવ થાય એ જન્મ કલ્યાણકનો પુણ્ય પ્રભાવ ભગવાનને ચાર અતિશય જન્મથી જ હોય.

૧) પ્રભુનો શ્વાસ સુગંધિત પદ્મકમળ જેવો હોય.
૨) પ્રભુના આહાર-નિહાર અદશ્ય હોય. તેના અંગૂઠામાં જ દેવો અમૃત મૂકી દે. દૂધપાન કરવાની જરૂર ન પડે.
૩) પ્રભુના વાળ કે નખ વધે નહિ, સુશોભિત જ રહે. દીક્ષા અંગીકાર કરે ત્યારે પંચમુષ્ટિનો લોચ કરે, પછી ક્યારેય લોચ ન કરવો પડે.
૪) પ્રભુના શરીરમાં ક્યારેય પરસેવો વળે નહિ.

**૩. દીક્ષા કલ્યાણકનું પુણ્ય**

પ્રભુ પોતે સ્વયં સંસારનો ત્યાગ કરે, મહાભિનિષ્ક્રમણ કરે, ઘર, કુટુંબ, પરિવાર છોડે, આખા વિશ્વને પોતાનું બનાવે, દીક્ષા લેવા તૈયાર થાય, એટલે કે દીક્ષા કલ્યાણકના પુણ્યપ્રભાવે તે એક વર્ષ સુધી દાન આપે. धर्मस्य आदि पदं दानम्। - ત્યાગીને ભોગવી જાણો, तेन त्यक्तेन भुंजित्था। - તમે પ્રેમથી બધું ભોગવો, પણ બીજાને આપીને ભોગવો. ભગવાનના હાથેથી જેને વર્ષીદાન મળે તે અવશ્ય મોક્ષગામી બને. આ ભગવાનના દીક્ષા કલ્યાણકનું પુણ્ય છે.

**૪. કેવળજ્ઞાન કલ્યાણકનું પુણ્ય**

દીક્ષા લે ત્યારે બધા જીવોને અભયદાન આપે અને કેવળજ્ઞાન થયા પછી બધા જીવોને જ્ઞાનદાન આપે. તેઓ જ્યાં બિરાજે ત્યાં માર-મરકી, ઈતિ-ભીતિ, રોગ, શોક, ઝઘડા, ક્લેશ-કંકાસ ન હોય. વિશ્વકલ્યાણની ઉદાત્ત ભાવનાના ફળસ્વરૂપે જન્મજાત વેરઝેરના સંસ્કારો પણ ભૂંસાઈ જાય. દુનિયાના તમામ જીવોને એટલી શાંતિ આપે કે ગમે તેવી ધમધમતી, ક્રોધથી ભરેલી કે વાસનાથી ખરડાયેલી વ્યક્તિ સામે આવે તે પણ પ્રભુનાં દર્શનમાત્રથી પરિવર્તનને પામી જાય.

**૫. નિર્વાણ કલ્યાણકનું પુણ્ય**

ભગવાન પોતાના અંતિમ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે આ શરીરને છોડીને શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર બની ગયા પછી ભગવાનનો આત્મા મોક્ષમાં પધારે ત્યારે નિર્વાણ કલ્યાણકના પુણ્યપ્રભાવે ઈન્દ્ર મહારાજાની આજ્ઞાથી દેવતાઓ તેના દેહને લઈ જાય. તેના શરીરની છેલ્લી વિધિમાં ચંદનનાં લાકડાંની ચિતા બનાવી તેમના શરીરને મૂકે, શરીર બળી જાય ત્યારે તેમાંથી ભગવાનની દાઢ ઈન્દ્ર મહારાજા લઈ લે. તે દાઢ દેવલોકમાં લઈ જાય. રત્નના ડાબલામાં તેને સાચવે અને તે દાઢ જ્યાં રાખવામાં આવી હોય તેને પવિત્ર ભૂમિ ગણે, ત્યાં દેવો પણ અબ્રહ્મનું સેવન ન કરે.

તથા કદાચ કોઈ દેવો વચ્ચે પરસ્પર ઝઘડો થાય, મતભેદ થાય, વિવાદ થાય ત્યારે તે દેવો ઈન્દ્ર મહારાજા પાસે પહોંચે, પણ પહેલા અને બીજા દેવલોકના ઈન્દ્ર મહારાજા વચ્ચે વિવાદ થાય તો તે ત્રીજા દેવલોકના ઈન્દ્ર પાસે પહોંચે. ત્યાંથી સમાધાન ન થાય તો ક્રમશઃ બારમા દેવલોકના ઈન્દ્ર મહારાજા પાસે પહોંચે, પણ ઈન્દ્રો-ઈન્દ્રોની વચ્ચે પરસ્પર પ્રશ્નો થાય અને તેનું સમાધાન ન થાય ત્યારે તેની શાંતિ માટે તે દાઢને ધોઈ તેનું પાણી તે ઈન્દ્ર પર છાંટે, તેથી તેનો વિવાદ શમી જાય.

જ્ઞાની કહે છેઃ ''મનમાં જ્યારે સંઘર્ષ જાગે, અશાંતિ લાગે ત્યારે ચાલ્યા જાઓ પંચ પરમેષ્ઠિના ધ્યાનમાં અને તેમના શરણમાં! આ ભગવાન મહાવીરસ્વામીનાં પાંચ કલ્યાણકમાંથી આજે છે નિર્વાણ કલ્યાણક! ૧૨।। વર્ષ સુધી પ્રભુએ કર્મની સામે લડત કરી. કર્મને તેણે કહી દીધું કે ''અત્યાર સુધી હું તારી પાસે હારી જતો, તારી જ જીત થતી હતી, હવે તારું કાંઈ ચાલવાનું નથી. તારાથી થાય તેટલા બધા ઉપાય કરી લે, હું અડીખમ ઊભો છું.''

અત્યાર સુધી રાજમહેલમાં હતા, રાજકુંવરપણે ખમ્મા-ખમ્મા થતા હતા, પણ દીક્ષા લીધી ત્યારથી જ જાણે પ્રકૃતિ, પરિસ્થિતિ અને પ્રતિકૂળ વ્યક્તિઓએ પ્રભુને હરાવવા માટેનું મિશન ગોઠવી દીધું, પણ ભગવાન અડોલ રહ્યા. પ્રતિકૂળતાને વેલકમ કરવા પ્રભુ સામે ચાલીને અનાર્ય દેશમાં ગયા. આપણને તો જરાક કાંઈક ધર્મઆરાધના કરવાના ભાવ થાય તેમાં જો કાંઈ પ્રતિકૂળતા આવે એટલે મોહરાજાનો સંદેશ આવી જાય કે હવે અટકી જાઓ! અને આપણે ધર્મને પણ છોડી દઈએ.

૧૨।। વર્ષમાં પ્રભુએ શું કર્યું? (૧) નિદ્રાવિજય (૨) ક્ષુધાવિજય અને (૩) સ્વાદ વિજય કર્યો. દીક્ષા લીધા પછી પલાંઠી વાળીને ભગવાન બેઠા નથી અને લાંબા પગ કરીને સૂતા નથી. સતત કાઉસગ્ગ અને ધ્યાનમાં લીન રહ્યા. ભૂખ પર એવો વિજય મેળવેલ કે ૧૨।। વર્ષની અંદર સાડા અગિયાર વર્ષ જાજેરા ચૌવિહારા ઉપવાસ કર્યા. બે ઉપવાસથી ઓછી પ્રભુની એક પણ તપસ્યા નહોતી. વધુમાં વધુ છમાસી તપ કર્યું. એક વર્ષની પાંચ લાખ ૧૮ હજાર અને ૪૦૦ મિનિટ થાય. તેમાં ભગવાન માત્ર ચાર મિનિટ જ સૂતા હતા.

*'મહાવીર બનવું સહેલું નથી સત્ત્વ આતમનું જાગે*
*દુઃખને ભોગવે હસતાં-હસતાં સુખની ઈચ્છા ત્યાગે*
*નહિ દીનતા નહિ ખિન્નતા આત્મશુદ્ધિ પામે...*
*તોય વીરતાધારી વિભુજી વિજયને પામે...*
*કર્મે કેવી કરી કસોટી, પ્રભુ મહાવીર સામે...તો યે...'*

ભગવાન કર્મની સામે કેસરિયા કરીને ઊભા છે. હવે અત્યાર સુધીનાં કર્મનાં તમામ પરાક્રમ અને મોહની વ્યૂહરચનાને તેણે ખતમ કરી નાખી છે. તેણે મોહરાજાને પણ કહી દીધું કે-

*'સંકટ ભરેલી જિંદગીથી હારનારો હું નથી*
*સાગર ડુબાડી દે મને એવો કિનારો હું નથી*
*મારે સદા અજવાળવા અંધકાર ઘેર્યા પંથને*
*ચમકી અને તૂટી પડે એવો સિતારો હું નથી'*

પ્રભુ ઘાતીકર્મનો ક્ષય કરી વીતરાગદશા, સર્વજ્ઞદશા પામ્યા. ૩૦-૩૦ વર્ષ સુધી ભગવાનની એકધારી દેશના વરસી રહી અને અંતિમ ચાતુર્માસ કરવા પાવાપુરીમાં પધાર્યા. વ્યર્થનું વિસ્મરણ કરી ચિંતા અને બોજાને સંસારમાં ફેંકી દઈને ૧૮-૧૮ દેશના રાજા છટ્ઠ પૌષધ કરીને બેસી ગયા છે. પ્રભુની સામે અનિમેષ નયને નીરખી રહ્યા છે. ભગવાનની વાણી એકધારી ચાલે છે. 'દુઃખવિપાક સૂત્ર'નાં પંચાવન અધ્યયન અને 'સુખવિપાક સૂત્ર'નાં પંચાવન એમ કુલ ૧૧૦ અધ્યયન પૂરાં થયાં પછી હવે 'ઉત્તરાધ્યયન સૂત્ર' ફરમાવે છે.

સાંભળનારાની કાયા તો સ્થિર થઈ ગઈ, પણ સૌનાં હૈયાં પણ સ્થિર થયાં છે. એ વાણી સાંભળતાં સાંભળતાં વચ્ચે જ ઈન્દ્ર મહારાજા ઊભા થયાઃ ''પ્રભુ! આપનો આ છેલ્લો ઉપદેશ છે. હવે આ જંગમ તીર્થનાં સદેહે દર્શન કદી કોઈને નહિ થાય. આપ તો મોક્ષમાં પધારી જશો, પણ આપનું શાસન પંચમ આરાના છેડા સુધી ૨૧,૦૦૦ વર્ષ સુધી ચાલશે.''

મારા પ્રભુના શાસનમાં બિરાજતાં સાધુ-સંતોને કોઈ મુશ્કેલી ન આવે, શાસન જાજ્વલ્યમાન બની વિશ્વમાં ચમકતું રહે, તેના માટે ભગવાનને વિનંતી કરી છે - ''પ્રભુ તમારા જન્મગ્રહની સાથે ભસ્મગ્રહ સંક્રમે છે, તો આપ માત્ર બે ઘડીનું આયુષ્ય વધારી દો, તો ભષ્મગ્રહ ઊતરી જાય અને શાસનમાં કોઈ વિઘ્ન ન આવે તથા આપનું શાસન, ૨૧,૦૦૦ વર્ષ સુધી સુખપૂર્વક જગતમાં જયવંતું વર્તે.''

ત્યારે પ્રભુ મહાવીર કહે છેઃ ''हे इन्द्रे, ए अट्ठे णो समट्ठे। - હે ઈન્દ્ર! આ અર્થ સમર્થ નથી. વિજ્ઞાન ગમે તેટલું આગળ વધે, પણ મૃત્યુને અટકાવી શકે નહિ અને આયુષ્યને વધારી શકે નહિ.

*કર જોડીને કરે વિનંતી ઊભા ત્યાં ઈન્દ્ર મહારાજ*
*આયુ વધારો માત્ર ઘડી બે શાસનરક્ષાને કાજ*
*પ્રભુજી વિઘ્ન નિવારણ કાજ...*
*વીર નિર્વાણ પામ્યા, દિલે અતિદુઃખ થાયે.*
*પૃથ્વી પટે ના કોઈ સમર્થ ભલે હો ચક્રી કે સુર*
*આયુવૃદ્ધિ કોઈ કરી શકે ના ફળ કર્મનું અચલ*
*હે ઈન્દ્ર! કર્મનું ફળ અચલ...*
*વીર નિર્વાણ પામ્યા, દિલે અતિદુઃખ થાયે...*

હે ઈન્દ્ર! મારા પ્રત્યેના પ્રશસ્તરાગથી દોરાઈને તું સમક્તિ હોવા છતાં આજે આયુષ્ય વધારવાની વાત કરે છે, પરંતુ આ દુનિયાની અંદર ઈન્દ્ર મહારાજા હોય, ચક્રવર્તી હોય કે કોઈ શક્તિશાળી પુરુષો હોય તોપણ આયુષ્યને વધારવા કોઈ સમર્થ નથી.' એ સમોસરણની મધ્યે હજારો સાધુભગવંતો, લાખો શ્રાવક-શ્રાવિકાઓ અને અસંખ્યાત દેવો તથા જંગી માનવમહેરામણ ઊમટયો છે, છતાં પરમશાંતિ છે. સૌ ભગવાનની સામે હાથ જોડીને બેઠા છે.

હવે ભગવાનનો અવાજ ધીમો થતો જાય છે. આયુષ્યનું દિવેલ ખૂટી રહ્યું છે. કુદરત પણ જાણે થંભી ગઈ છે. પ્રભુ બોલતાં બોલતાં સ્થિર થઈ ગયા. મન, વચન, કાયાના ત્રણેય યોગોનું રૂંધન થઈ ગયું. શ્વાસોચ્છ્‌વાસનું પણ રૂંધન કરીને પ્રભુનો આત્મા ઔદારિક, તૈજસ, કાર્મણ આ ત્રણેય શરીરનો ત્યાગ કરીને સર્વાંગેથી નીકળી એક સમયમાત્રમાં સડસડાટ સિદ્ધ ક્ષેત્રે સિદ્ધાલયમાં બિરાજમાન થઈ ગયો.

આયુષ્ય પૂર્ણ થઈ ગયું અને પ્રભુ નિર્વાણ પધાર્યા. આખી સભામાં આક્રંદ, રૂદન, ચોધાર અશ્રુની ધારા શરૂ થઈ ગઈ. કોણ કોને આશ્વાસન આપે! ભારતનો ભાનુ આથમી ગયો. સિદ્ધાલયમાં અજવાળાં થયાં, પણ મૃત્યુલોકમાં અંધારાં છવાઈ ગયાં. ઈન્દ્ર મહારાજાની આંખમાં અશ્રુ છે. ૧૪,૦૦૦ સંતોના ગુરુ ગૌતમનો વિલાપ તો જોયો જતો નથી - ''પ્રભુ! મને 'ગૌતમ' કહીને હવે કોણ બોલાવશે? મારા પ્રશ્નના ઉત્તર હવે કોણ આપશે?'' એમ કહી ધ્રુસકે ધ્રુસકે રડે છે.

*રૂવે રે ગૌતમ મારા વીર પ્રભુ!*
*મને શાને મૂકીને ચાલ્યા હો...*
*દુર્ભાગી હું અવગુણધામી,*
*અંત સમયે મળ્યા નહિ સ્વામી*
*પુણ્ય ખૂટયાં મારાં કરમ ફૂટયાં,*
*મારા પ્યારા ગુરુ મેં ગુમાવ્યા...હો મને...*
*'ગોયમ' કહી હવે કોણ પુકારે,*
*મનના સંશય હવે કોણ નિવારે*
*કોણ જુએ મારું દિલડું રૂવે,*
*છોડી જન્મોજન્મની માયા... હો મને...*

પ્રભુ! તમે મને વચન આપ્યું હતું કે 'હું અને તું સાથે છીએ.' ગુરુભક્તિ - પરમાત્મા પ્રત્યેના તેના પ્રશસ્ત પ્રેમના કારણે તેનાથી રહેવાતું નથી. તેના હૃદયનાં બંધ દ્વારો ખૂલી ગયાં ત્યારે શક્રેન્દ્ર મહારાજા નજીક આવ્યા. તેને હાથ ઝાલીને આશ્વાસન આપતાં કહે છેઃ ''આપ તો હવે આ શાસનના નાયક છો, ચતુર્વિધ સંઘના આધાર છો. ભલે પ્રભુ ગયા, પણ પ્રભુનું શાસન તો ચાલવાનું જ છે. અરે! આ બધા જ સાધુ-ભગવંતોમાં તમારું સ્થાન સૌથી ઊંચું છે. માટે આપ શાંત થાઓ, સ્થિર થાઓ અને ધૈર્ય ધારણ કરો.''

રડતાં રડતાં એ ગૌતમસ્વામી શક્રેન્દ્ર મહારાજાના આશ્વાસને સ્થિર થયા. અનુપ્રેક્ષામાં ઊંડા ઊતર્યા. ચિંતન ચાલ્યું કે 'પરમાત્માનો આત્મા અને મારો આત્મા જુદો છે. પરમાત્મા મોક્ષે ચાલ્યા ગયા અને હું અહીં રહી ગયો? ખરેખર મારા આ પ્રશસ્ત રાગનો પાતળો પડદો મને નડે છે. મારો આ રાગ છોડું તો હું પણ મોક્ષે ચાલ્યો જાઉં.'

एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ।
सेसा मे बाहिरा भावा, सव्वसंजोग लक्खणा।।

'સંસારમાં સંયોગ અને વિયોગની ઘટમાળ તો ચાલવાની જ છે. મારો એક આત્મા જ શાશ્વત છે, બાકી જગતના તમામ સંબંધો એક દિવસ તૂટવાવાળા છે. આમાં ક્યાંય રાગ કરવા જેવો નથી.' આમ, વિચારતાં વિચારતાં રાગનું પાતળું આવરણ હતું તે પણ છેદાઈ ગયું અને ત્યાં જ ઘાતીકર્મ નાશ પામતાં કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટ થયું.

દીવાથી દીવો પ્રગટી ગયો તેનું નામ છે દિવાળી!
દિલને અજવાળે તેનું નામ દિવાળી!
પ્રાણને પ્રેમથી પલાળે તેનું નામ દિવાળી!
મનની ગાંઠોને તોડે તેનું નામ દિવાળી!

'दिवाली' કેવો સુંદર શબ્દ છે.

'दि' એટલે ભગવાન મહાવીર સ્વામી કહે છે- ''તમારી દીનતાને તોડી નાખો. અંદરની ખુમારીને પ્રગટ કરો. દીનતા છૂટશે તો દીપ્તિ એટલે કે તેજ પ્રગટશે. જૈન કુળે જન્મ પામ્યા, પ્રભુ વીરનું શાસન મળ્યું, હવે તમે દીન ન બનો.''

'वा' એટલે વચનથી વાદ-વિવાદ છોડો. 'આ મારું - આ તારું, આ સારું - આ નઠારું, આ ગમે - આ ન ગમે, આ ઊંચું - આ નીચું - આ બધા વાદ-વિવાદનો ત્યાગ કરો

અને સ્યાદ્‌વાદને અપનાવો. જો વાદ છૂટશે તો વચનની શુદ્ધિ થશે, યોગો પવિત્ર બનશે ને તમારું વચન આદેય બનશે.'

'લી' એટલે અત્યાર સુધી શરીર, સ્વજનો સાથે લીનતા કરી, હવે એને છોડી આત્મગુણો જેવા કે ક્ષમા, નિર્લોભતા, સંતોષ, પ્રેમ, પવિત્રતા વગેરેમાં લીન બનો. બહારની લીનતા તૂટશે તો જ આત્મવૈભવમાં લીનતા આવશે. આનું નામ છે દિવાલી! *દીનતા છોડો, દીપ્તિ મેળવો અને સ્યાદ્‌વાદને અપનાવો.*

*અંતર જેનું આસોપાલવ, આંખો જેની જ્યોતનો વૈભવ*
*જેને હૈયે અઢળક કરુણા, તેને બારે માસ દીપોત્સવ.*

આવી ભગવાનની બતાવેલી દિવાળી આપણા જીવનમાં ઊજવાશે, સમકિતનો દીપ પ્રગટી જશે તો સાચી દિવાળી ઊજવી ગણાશે.

'मिट्टी के दीप जलाने से दीपावली नहीं होती।
गुलदस्तों से घर सजाने से खुशहाली नहीं होती।
दीपावली अगर मनाना चाहते हो तो-
सम्यग्दर्शन का दीप जलओ तभी सही दिवाली होती है।।

'આવા ભગવાન મહાવીરસ્વામીને સ્મૃતિમાં લાવવાના પવિત્ર દિને સમ્યગ્દર્શનનો દીપ પ્રગટાવીશું, વૈરાગ્યની રંગોળી પૂરીશું, શ્રદ્ધાના સાચા સાથિયા કરીશું અને ભગવાનના માર્ગ પર ક્રમશઃ ચાલતાં ચાલતાં આપણે પણ એક દિવસ મહાવીર બનીશું' એ જ આજના દીપાવલી દિનની મંગળ શુભેચ્છા! મનોભાવના!

**નૂતન વર્ષને આવકારીએ**

દીપાવલીના પવિત્ર મંગળમય પ્રભુના નિર્વાણ કલ્યાણકના દિવસો તપ અને ત્યાગથી, ધર્મ અને ધ્યાનથી ઊજવ્યા. *'ભીતરમાં ભગવાન વસે તો બધા દાખલા સહેલા.'* જો ભીતરમાં ભગવાન આવી જાય તો જિંદગીનો માર્ગ સુગમ અને સરળ બની જાય.

ભગવાન મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા અને ગુરુ ગૌતમને કેવળજ્ઞાન થયું. જ્યોતમાં જ્યોત મળી ગઈ અને વહેલી સવારે બે મુહૂર્ત બાકી હતાં ત્યારે સર્વાર્થસિદ્ધ નામના મુહૂર્તમાં ભગવાન નિર્વાણ પધાર્યા અને પછી થોડા જ ટાઈમમાં ગુરુ ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું. સાલનું પરિવર્તન શું સૂચવે છે?

*''લ્યો આવ્યું આ મજાનું નવું નકોર વરસ*
*સવાર ઊગી છે સલૂણી અને સરસ*
*ઓ મન! તું મન મૂકીને વરસ*
*છીપી જાય તારી ભવોભવની તરસ'*

સુંદરમજાનું વરસ આવ્યું છે, તો અંતરાત્માને જગાડીએ. માત્ર ભૌતિકસિદ્ધિ જ નહિ, પણ આત્મગુણોના વૈભવને જાણીએ. માત્ર સંપત્તિ જ નહિ, સુકૃત્યને વધારીએ. બહારનું નહિ ભીતરનું સુધારીએ. પ્રવૃત્તિ જ નહિ, વૃત્તિ Change કરીએ.

આજે વડીલો પાસેથી આશિષ ઝીલવાનો દિવસ છે. વડીલો કેવા આશીર્વાદ આપે? 'ચિરંજીવી ભવ! શ્રીમાન ભવ! ધીમાન ભવ!' અને ગુરુ શું આપે? એ કહેઃ 'ગુણવાન ભવ! ધર્મવાન ભવ! સુખી થા, શાંત બન, સમૃદ્ધ બન અને સમાધિને પામી જા.' આજે નવો ચોપડો શરૂ કરશો. મંગળાચરણ શેનાથી કરશો? આ નવો ચોપડો શ્વેતકુળમાં ઉત્પન્ન થયો. સફેદ મજાનાં પાનાંના પહેલા જ પાને શું લખો?
।। શ્રી મહાવીરાય નમઃ।। ।। શ્રી ગૌતમસ્વામીને નમઃ।।

'શાલિભદ્રની ઋદ્ધિ હોજો.
અભયકુમારની બુદ્ધિ હોજો.
ગૌતમસ્વામીની લબ્ધિ હોજો.
કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો.'

બધું ઊંચું ઊંચું અને સારું-સારું જ માગો ને! પરંતુ તેની સાથે આ થોડું પ્લસ કરો, જેમ કે-

શાલિભદ્રની ઋદ્ધિ સાથે તેનો ત્યાગ પણ માગો.

અભયકુમારની બુદ્ધિ સાથે તેના જેવી આત્મકલ્યાણ માટેની બોધિ માગો.

ગૌતમસ્વામીની લબ્ધિ સાથે તેનો વિનય માગો.

કયવન્ના શેઠના સૌભાગ્ય સાથે એ સૌભાગ્ય આ ભવ પૂરતું જ નહિ, પણ ક્યારેય આત્માને જન્મ-મરણ કરવા ન પડે તેવું અખંડ સૌભાગ્ય માગો અને છેલ્લે ભગવાન મહાવીર જેવી શુદ્ધિ માગજો.

શ્વેત મજાનો ચોપડો તમારી પાસે એક વર્ષ રહે, ત્યાં કેવો કાબર-ચીતરો થઈ જાય? ચોપડો ખોલો અને લાખો જમા... ઉધાર, તે કહે છે જ...ઉ... To Go. તારે અહીંથી એક દિવસ જવાનું છે, કાયમ રહેવાનું નથી. જોજે મને કાળો ચીતરીશ નહિ. કાળા અક્ષરે લખી તારા કાળજાને કાળું બનાવીશ નહિ.

**'આજ મુબારક કાલ મુબારક દરિયા જેટલા વહાલ મુબારક**
**સૌને હર ખુશ હાલ મુબારક તમને અમારા સાલ મુબારક.'**

આજના નૂતન વર્ષના મંગળ પ્રભાતે સૌ મૈત્રી ભાવનાનું માધુર્ય હૃદયમાં વહાવજો. પ્રમોદભાવની પરમલ પ્રસરાવજો. કરુણાભાવનું સંગીત રેલાવજો તથા ઉન્માર્ગે જતા જીવો પ્રતિ

માધ્યસ્થભાવનું મધ્યબિંદુ રાખજો.

*'સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો*
*સર્વ દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો'*

તમારા સૌનાં તનની તંદુરસ્તી જળવાઈ રહે, મનની મસ્તી અખંડ રહે, જીવન સમાધિમય અને મૃત્યુ મંગળમય બની રહે. નીતિમય જીવન જીવજો. જીવનમાં ધર્મને આગળ રાખજો, ધનને પાછળ રાખજો. જીવદયાને પ્રાણ બનાવજો. માનવતાના દીવા સદાય જલતા રાખજો. જૈનત્વને ઝળકાવજો. નૂતન વરસનાં આ છે અમારાં અભિનંદન! સૌનું શ્રેય થાઓ, શુભ થાઓ, મંગળ થાઓ.

*'દીપોત્સવના દિને વિલીન કરી નાખીએ વર્ષનાં અંધકાર*
*નૂતન વર્ષના મંગલ પ્રભાતે અજવાળીએ સંકલ્પોનો ઉજાશ*
*એ જ હશે નવલા વરસનો આદર અને સત્કાર'*

ભાવમાં ભીનાશ, સ્વભાવમાં સુવાસ, વાણીમાં મીઠાશ અને જીવનમાં પ્રકાશ રહે. દિન-પ્રતિદિન મન શુભ તરફ ગતિ કરે. સૌનાં વેરઝેર દૂર થઈ જાય. સૌના હૈયે હેત-પ્રીત વહેતાં રહે. સંઘ-સમાજ-જીવમાત્રાનું શ્રેય થાઓ એવી મંગળ શુભેચ્છા...!

---

# શ્રાદ્ધપક્ષનું માહાત્મ્ય

ભાદરવાના કૃષ્ણપક્ષના પંદર દિવસમાં પિતૃઓનું શ્રાદ્ધ કરવામાં આવતું હોવાથી તેને 'પિતૃપક્ષ' તરીકે પણ ઓળખવામાં આવે છે. પિતૃપક્ષમાં હિંદુઓ દિવંગત સગાં-સંબંધીઓને 'કાગવાસ' નાખે છે. આ અંગે એક પૌરાણિક કથા પ્રસિદ્ધ છે.

અંગ દેશનો અધિપતિ કર્ણ મહાદાની હતો. એ રોજ સવારે સવા મણ સોનાનું દાન કરતો. પુણ્યકર્મોના પ્રભાવથી મૃત્યુ પામીને એ સ્વર્ગમાં પહોંચ્યો. ત્યાં એને રહેવા માટે એક સોનાનો મહેલ મળ્યો, પરંતુ એની અંદર બીજું કંઈ જ નહોતું. પૂછપરછ કરતાં એને જાણવા મળ્યું કે મનુષ્યલોકમાં જેનું દાન કરે છે એ જ અહીં મળે છે. આ સાંભળીને કર્ણને ખેદ થયો. એણે દેવરાજ ઈન્દ્ર પાસેથી પંદર દિવસની મહેતલ માગી અને પાછો પૃથ્વી પર આવ્યો. એ પંદર દિવસમાં એણે વિવિધ પ્રકારની ચીજ-વસ્તુઓનાં દાન દીધાં. એ દાનકાર્યમાં એટલો બધો મશગૂલ બની ગયો કે એને હજામત કરાવવાનું પણ ભાન ન રહ્યું. (એટલા માટે શ્રાદ્ધપક્ષમાં કેટલાક લોકો વાળ-દાઢી કરાવતા નથી). મુદત પૂરી થયે કર્ણ સ્વર્ગમાં ગયો. ત્યાં એના માટે સર્વ પ્રકારનાં સુખ અને ભોજનાદિ પ્રાપ્ત થયાં. દાનવીર કર્ણના પુનર્જીવનના આ પંદર દિવસો 'પિતૃપક્ષ-શ્રાદ્ધપક્ષ'ના ગણાય છે. ત્યારથી પિતૃપક્ષમાં સંયમ, સદાચાર અને દાન આદિનો અતિશય મહિમા છે.

શ્રાદ્ધનો અર્થ છે સાચી શ્રદ્ધાથી જે કંઈ આપવામાં આવે તે. પિતૃપક્ષમાં પિતૃઓની મૃત્યુતિથિના દિવસે શ્રદ્ધાપૂર્વક એમનું શ્રાદ્ધ સંપન્ન કરવું જોઈએ. મહાભારત અનુસાર સૌથી પહેલું શ્રાદ્ધ મહર્ષિ દત્તાત્રેયના પુત્ર મહાતપસ્વી નિમિએ પોતાના પુત્ર શ્રીમાનના શોકમાં અજાણતામાં કર્યું હતું. ત્યારે નિમિને પણ ખબર નહોતી કે પોતે શ્રાદ્ધ કરી રહ્યા છે.

આમ તો પ્રત્યેક અમાવસ્યા પૂર્વજોની પુણ્યતિથિ છે, પરંતુ ભાદરવાની અમાવસ્યા પિતૃઓને માટે પરમફળદાયી છે. જેને પિતૃઓની મૃત્યુતિથિની જાણ ન હોય એમણે અમાવસ્યાના દિવસે શ્રાદ્ધ કરવું જોઈએ.

શ્રાદ્ધ માટે સૌથી પવિત્ર સ્થળ બિહારમાં આવેલું 'ગયાતીર્થ'-'બુદ્ધગયા' છે. ત્યાં પવિત્ર ફાલ્ગુની નદીના પાવન તટ પર 'વિષ્ણુપદ' નામનું તીર્થ છે. ત્યાં શ્રાદ્ધ કરવાથી પિતૃઓની મુક્તિ થાય છે. ગયાજીમાં શ્રાદ્ધ કરવાથી પિતૃઓનું શ્રાદ્ધ દર વર્ષે કરવાની આવશ્યકતા રહેતી નથી.

માતૃશ્રાદ્ધ માટે ઉત્તર ગુજરાતનું સિદ્ધપુર સ્થળ પણ પરમફળદાયી માનવામાં આવે છે. આ ઉપરાંત શ્રાદ્ધ માટે પ્રયાગનો ત્રિવેણીસંગમ તથા નર્મદાકિનારે આવેલું ચાણોદ પણ પ્રખ્યાત છે. માતા-પિતાનું શ્રાદ્ધ કરનારા પુત્ર માતા-પિતાના ઋણમાંથી સર્વદા માટે મુક્ત થઈ જાય છે. પિતૃઓનું શ્રાદ્ધ કરનાર ગૃહસ્થ દીર્ઘાયુ, પુત્ર-પૌત્રાદિ, યશ, સ્વર્ગ, પુષ્ટિ, બલ, લક્ષ્મી, પશુ, સુખ-સાધન તથા ધન-ધાન્યાદિની પ્રાપ્તિ મેળવે છે.

આજકાલ તો પુત્રીઓ પરિવારજનો માટે પુત્રોથી વિશેષ ફરજો બજાવે છે. પુત્રીઓ માતા-પિતાને અગ્નિદાહ આપે છે એ જ રીતે હવે પુત્રીઓ માતા-પિતાનું શ્રાદ્ધ કરશે એ દિવસ પણ દૂર નથી.

- ઈલાક્ષી મર્ચંટ (સાભાર)

# બાર અનુપ્રેક્ષા

n ડૉ. આરતી નલિન વોરા

અનુપ્રેક્ષા શબ્દનો અર્થ છે ચિંતન કરવું, મનન કરવું. કોઈ પણ વિષયને ઊંડાણપૂર્વક જાણવો હોય તો તેના સ્વરૂપ વિશે વારંવાર વિચાર કરવો તે જ ચિંતન-મનન છે. ચિંતન કોઈ પણ વિષયને સમજવા માટે કરી શકાય છે, અથવા તો સમજેલા વિષય વિશે વધુ ને વધુ જાણવા માટે પણ કરી શકાય છે. અનુપ્રેક્ષા એટલે ચિંતન કહી શકાય તેથી તે વધુ ને વધુ માહિતી કે જ્ઞાન પ્રાપ્તિ માટે કરવામાં આવે છે. તે સ્વધ્યાય તપનું એક સ્વરૂપ છે.

અનુપ્રેક્ષાના મૂળમાં સંયોગોની ક્ષણભંગુરતા, વિકારોની વિપરીતતા, સ્વભાવનું સામર્થ્ય અને સ્વભાવના આધારે પ્રાપ્ત થતાં સુખ-દુઃખ અથવા સુલભતા-દુર્લભતા જ રહેલી છે. દરેક વ્યક્તિને પોતાની પાસે રહેલી વસ્તુ આદિમાં મોહ-મમત્વ રહેલાં જ છે. તેને છોડવાં અતિદુષ્કર છે. મતમતાંતર કે અહ્‌મની જાળ તોડવી-પ્રમાદનો ત્યાગ કરવો ઘણો જ કઠિન છે. સદ્‌વિચારમાં મનને સ્થિર કરવાથી મનને અસીમ શાંતિનો અનુભવ થઈ શકે છે, પણ મનને સ્થિર કરવું સરળ નથી.

દેહ છૂટે છે, પણ તેના પરનું મમત્વ છૂટતું નથી તેથી જીવને અવનવા દેહ ધારણ કરવા પડે છે. પુણ્ય હોય તો સારા દેહમાં અને પાપને લીધે માઠા દેહમાં જન્મે, પણ દેહ તો લેવા જ પડે છે. અનાદિકાળના મમત્વ કે વાસનારૂપ સાંકળ વડે જુદાજુદા ભવો સંકળાયેલા રહે છે. ભવનો અંત કરવા એ સાંકળને તોડવી જરૂરી છે. જો મમત્વની સાંકળ તૂટે તો ભવનો અંત આણી શકાય છે. જગત ખેદમય છે, અનિત્ય છે, અનંત દુઃખમય છે, તેથી તેમાંથી છૂટવા દરેક જીવે પુરુષાર્થ કરવો પડે છે. અનુપ્રેક્ષા બાર ભાવનાના નામથી વધુ પ્રચલિત છે. આ બાર ભાવનાનું ચિંતન વૈરાગ્યપ્રેરક અને તત્ત્વબોધક હોવાથી આપણને વાસ્તવિકતાનું ભાન કરાવી મોક્ષ માર્ગે આગળ વધવા પ્રેરે છે.

આ બાર ભાવનાનાં નામ ક્રમાનુસાર અનિત્ય ભાવના, અશરણ ભાવના, એકત્વ ભાવના, અન્યત્વ ભાવના, અશુચિ ભાવના, સંસાર ભાવના, આશ્રવ ભાવના, સંવર ભાવના, નિર્જરા ભાવના, લોકવિસ્તાર ભાવના, બોધિ દુર્લભ ભાવના અને ધર્મચિંતન ભાવના છે. આ બાર ભાવના પૈકી પ્રથમ છ ભાવના વૈરાગ્ય ઉત્પન્ન કરનારી અને બાકીની છ ભાવના તત્ત્વપ્રેરક છે. પ્રથમ છ ભાવનાનું સ્વરૂપ સંયોગોને આધારે છે, જેથી કરીને સંસાર પ્રત્યે વિરક્તિ થાય અને વૈરાગ્યમય જીવન થઈ શકે, જ્યારે બાકીની છ ભાવના તત્ત્વલોક અને રત્નત્રયી ધર્મનું ચિંતન કરવા પ્રેરણારૂપ છે.

અશુભ વિચારોમાંથી મનને મુક્ત કરવા શુભ અને પવિત્ર વિચારો કરવાનો અભ્યાસ કરવો જરૂરી બને છે. તે માટે વારંવાર રટણ-મનન-ચિંતનનો મહાવરો રાખવો પડે છે. તેથી ગુણીજનોએ બાર પ્રકારના એવા શુભ વિચારો દર્શાવી કહ્યું છે કે દરેકે આ વિચારોનું સતત ચિંતન-મનન કરતાં રહેવું જોઈએ. આ બાર ભાવનાઓને અત્રે આપણે સંક્ષેપમાં વિચારીને પછી એક એક ભાવના પર વિસ્તારથી ચિંતન કરીશું.

**૧) અનિત્ય ભાવના** – 'આ સંસારમાં સર્વ સ્થાનો અને સર્વ ભાવો અનિત્ય છે. કંઈ જ નિત્ય નથી. કંઈ જ શાશ્વત નથી.' આ વિષયનું ચિંતન કરવું.

**૨) અશરણ ભાવના** – 'જન્મ-જરા અને મૃત્યુના બંધનમાં જકડાયેલા જીવને જન્માદિથી બચાવનાર આ સંસારમાં કોઈ નથી. જીવ અશરણ છે' એમ વિચારવું.

**૩) એકત્વ ભાવના** – 'હું એકલો જ છું, એકલો જન્મું છું, સુખ-દુઃખ એકલો અનુભવું છું અને એકલો મરું છું.' આ વિષય પર મનન કરવું.

**૪) અન્યત્વ ભાવના** – 'હું સ્વજનોથી, પરિજનોથી, વૈભવ-સંપત્તિથી અને શરીરથી જુદો છું. આમાંનું કોઈ મારું નથી', આ વિચારને વાગોળવો.

**૫) અશુચિ ભાવના** – 'આ શરીર બીભત્સ પદાર્થોથી ભરેલું છે. શરીરમાં બધું જ અપવિત્ર અને ગંદું ભરેલું છે'. આ રીતે શરીરની અપવિત્રતા વિશે વિચારવું.

**૬) સંસાર ભાવના** – 'આ સંસારના સંબંધો પરિવર્તનશીલ છે. મા મરીને પુત્રી થાય, બેન થાય, પત્ની થાય'. સંસારની પરિવર્તનશીલતા વિશે વિચારવું.

**૭) આશ્રવ ભાવના** – 'મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદનાં દ્વારોમાંથી કર્મો આત્મામાં વહી આવે છે. આત્મા કર્મથી બંધાય છે, મલિન થાય છે'. આ વિશે વિચારવું.

**૮) સંવર ભાવના** – 'આ આશ્રવનાં દ્વારોને સમ્યકત્વ, વિરતિ, ક્ષમાદિ ધર્મ, અપ્રમાદ આદિથી બંધ કરી દઉં તો આત્મામાં કર્મો આવતાં અટકે'. આ રીતે આશ્રવ દ્વારોને બંધ કરવાના મનોરથ કરવા.

**૯) નિર્જરા ભાવના** – 'આશ્રવનાં દ્વારો બંધ કર્યા પછી, આત્મામાં રહેલાં કર્મોનો નિકાલ કરવા માટે તપશ્ચર્યા કરું', આમ કર્મોને નાશ કરવાના-ખપાવવાના ઉપાયો વિચારવા.

**૧૦) લોક વિસ્તાર ભાવના** - ચૌદ રાજલોકનાં સ્વરૂપ આદિનું ચિંતન કરવું. ઊર્ધ્વલોક, અધોલોક અને મધ્યલોકમાં આપણા જીવે કેવાંકેવાં જન્મ-મરણ કર્યાં છે, જીવ ક્યાં ક્યાં ભટક્યો છે એ વિશે વિચારવું.

**૧૧) બોધિ દુર્લભ ભાવના** - મનુષ્યજન્મ, કર્મભૂમિ, આર્યદેસ, ઉચ્ચ કુળ, પાંચ ઇન્દ્રિયની પૂર્ણતા. આ બધું મળવાં છતાં સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ કેટલી દુર્લભ છે એ વિશે વિચારવું.

**૧૨) ધર્મ ભાવના** - ભવ્ય જીવોના ઉપકાર માટે સર્વજ્ઞ પરમાત્માને કેવો નિર્દોષ ધર્મ બતાવ્યો છે, એ બાબતનું હૃદયસ્પર્શી ચિંતન કરવું.

શુભ કે પવિત્ર વિચારો કરવાનાં આ બાર કેન્દ્રો છે. કોઈ પણ એક કેન્દ્રને નક્કી કરીને આપણે વિચારવાનું છે જેનાથી મન પવિત્ર બને છે. અશુભ કર્મોના બંધનથી બચી શકાય છે. આપણો આત્મભાવ નિર્મળ બની શકે છે તેથી આ બાર પ્રકારના વિચારોનું મનન રોજ કરવું જોઈએ. ઉપરોક્ત બાર ભાવના પૈકી પ્રથમ છ ભાવના સંસાર અને સંયોગો વિશે છે તેથી તેનું ચિંતન કરવાથી આત્મા વૈરાગ્ય તરફ આગળ વધી શકે છે તેથી તેને વૈરાગ્યોત્પાદક ભાવનાઓ કહી છે. જ્યારે બાકીની છ ભાવનાઓ પૈકી આશ્રવ-સંવર-નિર્જરા તો નવ તત્ત્વ પૈકી જ ત્રણ છે એ લોક ભાવના - બોધિ દુર્લભ ભાવના - ધર્મ ભાવના એ ત્રણે ધર્મ વિષયક હોવાથી તેના ચિંતનથી તત્ત્વશ્રદ્ધા વધે છે અને મોક્ષમાર્ગે આગળ વધી શકાય છે. આત્મ પૂર્વાચાર્યોએ જણાવ્યું છે કે પહેલા આત્માને વૈરાગ્યપ્રેરિત કરી મનને સરળ બનાવવું અને પછી તત્ત્વનું ચિંતન કરવું.

આ બાર ભાવનાના વિચારો કરવાથી તીવ્ર રાગ-દ્વેષની પરિણતિ તૂટે છે. આ વિચારોનું વારંવાર મનન કરવાથી અલ્પજ્ઞાની આત્મા પણ પરમસુખ અનુભવે છે. જ્યારે આ ભાવનાઓ નહીં ભાવનાર મોટા શાસ્ત્રજ્ઞાની હોવા છતાં પણ ઘોર અશાંતિનો અનુભવ કરે છે. આ ભાવનાઓ વિના ઘોર તપ કરનાર તપસ્વી પણ આંતરપ્રસન્નતા અનુભવી શકતો નથી, મોટો દાનેશ્વરી હોય તોપણ આંતરવ્યથાથી મુક્ત થઈ શકતો નથી. આ ભાવનાઓથી આત્માને ભાવિત નહિ કરનાર બ્રહ્મચારી પણ આંતરસુખ પામી શકતો નથી. મુનિઓ જે સંયમ માર્ગમાં હોવાથી સંયમ ક્રિયા કરતા હોય તે પણ જો આ ભાવનાઓને પોતાના શ્વાસોશ્વાસમાં વણી લેતા નથી, અર્થાત્ ક્ષણેક્ષણે તેનું ચિંતન-મનન ન કરે તો તેને માટે પણ આત્મભાવમાં સ્થિરતા લાવવાનું મુશ્કેલ બને છે.

આ ભાવનાઓ દ્રવ્ય સ્વરૂપનો, વસ્તુસ્થિતિનો આડકતરી રીતે જીવને બોધ કરે છે. વસ્તુસ્થિતિનું દૃષ્ટાંતરૂપે જીવ પર ઉતારીને નિરૂપણ કરે છે, જે જીવને સરળતાથી સમજાય છે. ભાવનાઓ વડે જીવ વૈરાગ્યવાસિત થાય છે. તેનામાં વિવેક જાગે છે, તે કૂણો પડે છે, સ્થિર થાય છે. વિષયથી વિમુખ થઈ ઈચ્છા નિરોધ કરે છે. ઉપયોગ જાગૃત રાખી આશ્રવનાં કારણો રોધવા ભણી પ્રવર્તે છે, સંવર આદરે છે અને બાહ્ય-આભ્યંતર પૈકી યથાશક્તિ તપનું આચરણ કરે છે. આમ પવિત્રતા તરફ આગળ ધપે છે.

કેટલાક જીવો વિપત્તિ આવતા વિહ્વળ બને છે, જ્યારે કેટલાક જીવો વિપત્તિમાં પણ વિહ્વળ થતા નથી. 'જે થાય તે સારા માટે' એ દૃષ્ટિ રાખે છે અને ચિંતન કરે છે કે જે થાય છે તે પૂર્વના અશુભ કર્મના ફળ સ્વરૂપે છે. માઠો પ્રસંગ કે દુઃખના દિવસો આવ્યા હોય તો શાંતિથી પ્રસન્નચિત્તે ભોગવી લેવા અને ફરી માઠાં કર્મ ન થાય તે લક્ષમાં રાખવું. તે સુખમાં પણ છકી જતો નથી. સાંપડેલું સુખ પણ ઉદ્ધતાઈ વિના કે આકુળ થયા વિના ભોગવી લે છે. કોઈ પર દ્વેષ કરતો નથી. તો તેને ખરો રસ્તો મળે છે.

જે ગૂઢ સવાલો આપણી ચિત્તવૃત્તિને અશાંત કરે છે તે બધાનું સ્વતઃ આશ્ચર્યકારક નિરાકરણ આ ભાવનાના અનુપ્રેક્ષણથી કે પુનઃ પુનઃ ચિંતનથી થઈ જાય છે. આપણે સ્થિર થઈ શકીશું, સાત્ત્વિક વિચારો આવશે અને વિવેક-વૈરાગ્ય જાગશે અને ઈચ્છિત ફળ મળી શકે છે.

ભાવનાઓનો હેતુ કેવો સરસ છે. વિવેક વિકસાવવા, વિચારદશા જાગૃત કરવા, મોહ, મમત્વ મૂકવા, વસ્તુ ભણી લક્ષ કરવા, સત્યની પ્રાપ્તિ માટે, અસત્યને છોડી દેવા આ ભાવનાઓ ઉત્તમ સાધન છે. જે નિરંતર શાંતચિત્તે વિચારતાં કલ્યાણ દૂર નથી. આ ભાવનાઓનો ઉદ્દેશ જ જગત્ જીવોનું કલ્યાણ કરવાનો છે. આ ભાવનાઓ કલ્પવૃક્ષ સમાન છે. કલ્પવૃક્ષ જેમ ઈચ્છિત ફળ આપે છે તેમ આ ભાવનાઓ વિશે જીવે ફરીફરી શાંતિપૂર્વક ચિંતન કરતા રહેવું જોઈએ.

કોઈ મહાપુરુષે આ ભાવનાઓ માટે કહ્યું છે કે સંસારના ગ્રીષ્મના તાપથી આકુળ થયેલા જીવોને માટે આ પવિત્ર ભાવના ઉપશમ મેઘની જળધારા સમાન શીતળકારી છે. સંસારરૂપી ખારા પાણીના સમુદ્રમાં પ્રવાસ કરતાં તરસ્યા આત્માર્થીને માટે એ ભાવનાઓ શીતળ અમૃત રસનાં ઝરણાં સમાન છે.

તો આટલું જાણ્યા પછી હવે આપણે દરેક ભાવના વિશે વિસ્તારપૂર્વક જોઈશું...

# મરિચિકુમાર : તીર્થંકર શ્રી મહાવીર પ્રભુનો પૂર્વેનો ત્રીજો ભવ

વર્તમાન અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુના સૌથી મોટા પુત્ર ભરત ચક્રવર્તીને ત્યાં પુત્રરૂપે-મરિચિકુમારરૂપે અવતાર લીધો. પૂર્વપુણ્યની પ્રબળતાથી વૈભવી રાજકુળમાં જન્મ લીધો. બાલ્યાવસ્થામાં માતા-પિતા તરફથી સુંદર સંસ્કારો મળવાની સાથે યોગ્ય સમયે બધી કલાનું શિક્ષણ પણ પ્રાપ્ત થયું. આત્મામાં સમ્યગ્દર્શનનું બીજ તો નયસારના ભવથી જ પ્રાપ્ત થયેલું હતું. તેમના આત્મામાં આ બીજના સદ્ભાવને લીધે બાહ્યસુખ તથા વિપુલ ભોગની સામગ્રી ઉપલબ્ધ હોવા છતાંય તેમાં આનંદ કે સુખનો અનુભવ થતો નથી.

યુવાનીના પ્રાંગણમાં પ્રવેશ પામેલા મરિચિકુમાર જીવનના રહસ્ય વિશે વિચારવા લાગ્યા. પોતાની શંકાના સમાધાન માટે એકવાર સર્વજ્ઞ વીતરાગ પ્રભુ ઋષભદેવના સમવસરણમાં દેશના સાંભળવા પહોંચી ગયા. આત્મામાં સંસ્કારો બીજરૂપે પડેલા જ હતા. તેને પ્રભુની વાણીરૂપી નિર્મળ પ્રવાહનું પોષણ મળ્યું અને ભીતરમાંથી વૈરાગ્યના અંકુરો પ્રગટ થયા.

કુમાર સંસારના સ્વરૂપ વિશે વિચારે છે કે, 'આ બધું સુખ ક્ષણિક ! એક મારો આત્મા નિત્ય અને અવિનાશી ! જે ભોગ ભવ બગાડે, રોગ વધારે અને દુર્ગતિનાં દ્વાર ઉઘાડે તેવા આ ભોગમય સંસારમાં હવે એક ક્ષણ પણ રહેવું નથી. આ મહેલ હવે જેલ જેવો લાગે છે. હવે તો મારા આત્માને આ ચાર ગતિની જેલમાંથી છોડાવું-બંધન તોડીને મુક્ત બનાવું.

પિતા ભરત પાસે મરિચિકુમારે પોતાના ભાવ પ્રગટ કર્યા અને પિતાની આજ્ઞા મેળવી પ્રભુ ઋષભદેવના ચરણમાં જઈને સંસારત્યાગ કર્યો. અઢાર પાપને છોડીને સંયમી થવાનું સૌભાગ્ય મેળવ્યું. મરિચિકુમાર મટી મરિચિ અણગાર બન્યા. રાગી મટીને વિરાગી થયા. સંસારી મટીને શ્રમણ બન્યા.

ભગવાન ઋષભદેવના સમયમાં જીવો ઋતુ-જડ હતા, અર્થાત્ સરળ અને નિખાલસ હતા. પ્રભુ ઋષભદેવે જુગલિયા ધર્મ નિવારીને લોકોને જીવન જીવવા માટે જુદીજુદી કળાઓ શીખવાડી. તે સાથે પોતે સંસાર ત્યાગી અને ધર્મ આરાધનાથી લોકોને સમજાવ્યું કે 'સવ્વકલાં ધમ્મકલા જિણાઈ I' તે સમય દલીલ કે તર્કનો યુગ ન હતો. લોકો ત્યારે શ્રદ્ધાવાન અને સરળહૃદયી હતા. તેથી વિશ્વાસપૂર્વક જીવન વ્યતીત કરતા. આત્મઉત્થાનનો સંબંધ જ્ઞાન અને સરળતા સાથે જોડાયેલો છે. જેટલું જ્ઞાન-દર્શન નિર્મળ તેટલું આત્મકલ્યાણ વધુ હોય.

જૈન સાધુ પરિગ્રહ સ્વીકારે પછી પરિષહથી પરાભવિત થતા નથી. સાધક આત્મા ગમે તેવા પ્રખર પરિગ્રહ આવે તોપણ ભાવપ્રસન્નતામાં કશો પણ ફરક પડતો નથી. તે તો એવી ને એવી જ અકબંધ રહે છે.

મરિચિ પણ દીક્ષા ગ્રહણ કર્યા પછી જ્ઞાન-ધ્યાન-તપ-ત્યાગમાં મસ્ત બની જીવન જીવતા હતા. તેઓ અગિયાર અંગના જ્ઞાતા બન્યા. સંયમજીવન ટકાવવું ઘણું અઘરું છે. એકવાર ગ્રીષ્મ ઋતુમાં પ્રચંડ ગરમી સહન ન થતાં મરિચિનું મન આકુળ-વ્યાકુળ બની ગયું. કાયાની માયા છોડવી આસાન નથી. મરિચિમુનિ વિચારતા હતા કે, 'મારાથી આ ભયંકર ગરમી સહન થઈ શકશે નહિ. આ કષ્ટમય ચારિત્રનું પાલન કરવું અશક્ય લાગ છે તેમ જ હવે ઘરે પાછા ફરવું પણ યોગ્ય જણાતું નથી. કોઈ માર્ગ સૂઝતો ન હતો.' મનમાં મંથન ચાલતું હતું અને અકળામણ થતી હતી. અંતે વિચારે છે કે કોઈક ત્રીજો જ માર્ગ અપનાવવો તે જ શ્રેષ્ઠ છે. અંતે ઘણા મનોમંથન પછી નવો માર્ગ નિશ્ચિત કર્યો કે પોતે ત્રિદંડનું ચિહ્ન રાખશે. કાયાનો મોહ છોડી ન શકવાથી મસ્તકે છત્ર રાખશે, પગમાં પાવડી પહેરશે, પરિમિત જળ વડે સ્નાન કરશે અને ભગવા વસ્ત્ર ધારણ કરશે. આવો માર્ગ વિચારી અમલમાં પણ મૂકી દીધો, તેમ છતાં અંતરમાં પૂરેપૂરી શ્રદ્ધા હતી કે પ્રભુ ઋષભદેવનો માર્ગ જ સાચો છે. તેઓ કઠિન ચારિત્ર પાળી શકવા સમર્થ ન હોવાથી ચારિત્રશિથિલ થયા, પણ શ્રદ્ધાથી જરા પણ પતિત થયા ન હતા.

તેઓ કોઈને પણ પોતાના શિષ્ય બનાવતા નહીં, પણ દરેકને કહેતા કે, 'તમે પ્રભુ પાસે જાઓ. તમારે જો આત્મકલ્યાણ કરવું હોય તો પ્રભુનાં દર્શન કરી તેમનો બોધ સ્વીકારો. તેમના ચીંધ્યામાર્ગે ચાલશો તો જ કલ્યાણ થશે-મુક્તિ થશે.'

મરિચિ અણગાર પોતે પ્રભુની સાથે જ રહે છે અને ત્રિકરણ યોગે પ્રભુની ભક્તિ કરે છે.

એકવાર ભરત ચક્રવર્તી તીર્થંકર પરમાત્મા ઋષભદેવનાં દર્શને આવ્યા. પ્રભુને વંદન કરી પ્રશ્ન કર્યો કે-'હે પ્રભુ ! આપની આ પરિષહમાં આપના જેવું તીર્થંકરપદ પ્રાપ્ત કરનાર કોઈ આત્મા છે ? જો હોય તો હું તેમને વંદન કરી ધન્ય બનું.' પ્રભુ કહે છે કે, 'હે ભરત ! આ પરિષહમાં નહીં, પણ આ સમવસરણની બહાર બેઠેલો તારો પુત્ર મરિચિ જે ત્રિદંડી વેશમાં છે તે આ ભરતક્ષેત્રની અંદર થનાર વાસુદેવો પૈકી પ્રથમ વાસુદેવ 'ત્રિપૃષ્ઠ' નામે થશે અને તેનો જ આત્મા ચક્રવર્તી થઈ પછી આ અવસર્પિણી કાળના ચોવીસમા અને અંતિમ તીર્થંકર 'મહાવીર' થશે.

તેથી ભરતરાજાએ પ્રભુને વંદન કરી સમવસરણની બહાર નીકળી મરિચિને પણ વંદન કરતાં સ્પષ્ટપણે કહ્યું કે, 'હું તમારા ત્રિદંડી વેશની અપેક્ષાઓ તમને વંદન કરતો નથી, પરંતુ ભાવિમાં થનારા તીર્થંકરને વંદના કરું છું.'

ભરતરાજાની વાત સાંભળી મરિચિના અંતરમાં ભવિષ્યમાં પ્રાપ્ત થનારી પદવીથી અહમ્ભાવ ઊભરાયો. તેને થયું કે, 'મારા દાદા પ્રથમ તીર્થંકર, મારા પિતા પ્રથમ ચક્રવર્તી અને હું પ્રથમ વાસુદેવ બનીશ (તેમ જ ભવિષ્યમાં ચક્રવર્તી અને તીર્થંકર પણ બનીશ). અહો ! મારું કુળ કેટલું ઉત્તમ !' આમ તેઓ અહંકારથી નાચવા-કૂદવા લાગ્યા અને અભિમાનથી ફુલાઈને પોતાના કુળનો મદ કર્યો. જેમજેમ ગુણોની પ્રાપ્તિ થાય તેમતેમ મહાન પુરુષોએ વિનમ્ર બનવું જોઈએ. અધિકારની યોગ્યતા હોય તો તે પરના શ્રેયનું કારણ બને છે, પણ તે પચાવવાની પાત્રતા ન હોય તો સ્વ-પર બંને માટે અહિતનું કારણ બને છે, માટે ત્રણ સૂત્રો યાદ રાખવાં ઘટે છે: (૧) પુણ્ય પચાવતાં શીખો (૨) પાપ ખપાવતાં શીખો (૩) ધર્મ અપનાવતા શીખો.

જીવ કર્મ બાંધવામાં સ્વતંત્ર છે, પણ તેનો ઉદય ભોગવવામાં પરાધીન છે, માટે કર્મ બાંધતાં સમયે અત્યંત જાગૃતિ રાખવી જરૂરી છે. ભરત ચક્રવર્તી પાસેથી પ્રભુના મુખેથી ભાવિનું કથન સાંભળતાં ગર્વની પરાષ્ઠા અને અભિમાનથી છલકાતો આત્મા નીચ ગોત્ર બાંધી લે છે. મરિચિએ પણ ગર્વથી ફુલાઈને નીચ ગોત્રકર્મ બાંધી લીધું. કહેવત છે ને કે 'ફુલાય તે ફંગોળાય.'

એક્વાર મરિચિના શરીરમાં અશાતનાના ઉદયે બીમારી આવી. બીજા સંઘાડાના સાધુ (ઋષભદેવના શિષ્યો) તેમની સેવા કરી શકે તેમ ન હોવાથી તેને થાય છે, જો મારો કોઈ શિષ્ય થાય તો મારી સેવા કરી શકે. આમ તેમના મનમાં શિષ્ય બનાવવાની ભાવના જાગી. તેમ છતાં મનમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાનો દીપક જલતો હતો.

એક સમયે કપિલ નામનો રાજકુમાર મરિચિ પાસે આવ્યો ત્યારે મરિચિએ પોતાના નિયમ પ્રમાણે શુદ્ધ મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો અને પ્રભુ પાસે જવા પ્રેરણા કરી. કપિલે શા માટે પ્રભુના સંતો પાસે જવાનું કહ્યું તેમ પૂછતાં તેમણે સમજાવ્યું કે, 'પ્રભુના સંતો ત્રણ દંડથી રહિત છે, જ્યારે હું તો મસ્તકે છત્ર અને પગમાં પાવડી વાપરું છું તેથી આ મારી કાયરતા છે.' ત્યાં સુધી મરિચિના અંતરમાં પ્રભુના માર્ગની શ્રદ્ધા જ જીવંત છે. મૂળ માર્ગથી ચ્યુત થયા નથી અને તેમનો આશય પણ ઉત્તમ હતો.

ત્યાર બાદ કપિલે ફરી પ્રશ્ન કર્યો કે, 'શું તેમના સાધુઓના સંયમમાર્ગમાં જ ધર્મ છે અને તમારા ત્રિદંડી માર્ગમાં ધર્મ નથી શું ? આ પ્રશ્ન સાંભળતાં જ મરિચિ મૂંઝાયા અને વિચારવા લાગ્યા કે, 'જો હું એમ કહીશ કે ત્રિદંડીપણામાં ધર્મ નથી તો મારી શી કિંમત રહેશે ?' બસ આ માનની ભાવના થઈ અને શ્રદ્ધાનો દીપક બુઝાઈ ગયો અને તેમણે કપિલને કહ્યું કે, 'ત્યાં પણ ધર્મ છે અને અહીં મારા માર્ગમાં પણ ધર્મ છે.' બસ આટલું બોલતાંની સાથે જ ઉત્સૂત્ર પ્રરૂપણનું ઘોર પાપ લમણે ઝીંકાયું અને સમ્યક્ત્વ ગયું, મિથ્યાત્વનો ઘોર અંધકાર ઘેરી વળ્યો. ચરિત્રમોહના ઉદયે ચારિત્રથી તો પતિત થયા હતા, પરંતુ હવે તો દર્શનમોહના ઉદયે ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમનું મોહનીય કર્મ બાંધી લીધું અને દીર્ઘ સંસાર ઉપાર્જન કર્યો. કાયાની કસોટીમાંથી પસાર થવું સહેલું છે, પણ માનસિક કસોટીમાંથી પાર પડવું મુશ્કેલ છે. સૂત્ર-શાસ્ત્રથી વિપરીત પ્રવૃત્તિ કરનાર પોતાના આત્માનું જ અહિત કરે છે. મરિચિ તે ભવનું આયુષ્ય પૂર્ણ કરી પાંચમા બ્રહ્મ દેવલોકમાં ઉત્પન્ન થયો.

મરિચિનો હયાતિનો સમય તો ઋષભદેવ પ્રભુના નિર્વાણ આસપાસનો કાળ હતો જે આત્મકલ્યાણ માટે બહુ જ યોગ્ય સમય હતો. જુગલિયા ધર્મના નિવારણ પછી હજુય લોકોમાં કષાયની મંદતા હતી તથા ભદ્રિકતા વધારે હતી. આવા સમયે મરિચિએ દીક્ષા ગ્રહણ કરી, ૧૧ અંગનું જ્ઞાન, તીર્થંકરનું શીતળ સાંનિધ્ય અને ખુદ પ્રભુના હસ્તે પ્રવજ્યા, વર્ષોની સંયમસાધના હોવાથી આત્મા અવશ્ય મુક્તિગામી બનવો જ જોઈએ તેમ છતાં મરિચિ પાંચમા દેવલોક સુધી પહોંચ્યા. તેનું પ્રધાન કારણ કર્મસત્તાનું પ્રાબલ્ય કહી શકાય. ગમે તેવી અનુકૂળ સામગ્રી અને નિમિત્ત મળવા છતાં ઉપાદાનની યોગ્યતા ન હોય તો સામગ્રી શું કરી શકે ? મરિચિના જીવનના અમુક પ્રસંગો આત્મા સામે મોહ અને કર્મોની પ્રબળતા દર્શાવે છે તે જોઈએ:

(૧) ઉષ્ણ પરિષહ સામે હારી ગયા ત્યારે આત્મામાં મોહની પ્રબળતા હતી. (૨) ત્રણ પદવીના ધારક બનવાના છે તેવું કથન સાંભળીને પછી માન-અહમ્નો અતિરેક થયો. (૩) બીમારી વખતે શરીરના મોહને કારણે ભાવ નબળા પડી ગયા. (૪) કપિલ આવવાથી તેની સામે ઉત્સૂત્ર પરૂપણા કરવી જેથી સમ્યક્ત્વ વમી ગયું.

આમ આપણે જોઈએ તો આત્મકલ્યાણનો માર્ગ કદાચ મળી જાય તોપણ માર્ગ પર અસ્ખલિત ટકી રહેવું તો અતિદુષ્કર છે. ચારિત્રનો સ્વીકાર કર્યા પછી પણ પ્રમત્ત યોગે જીવનમાં હિયમાનતાના ભાવો આવી શકે છે. ચારિત્રમાં દોષ લાગી જાય તો તેની આલોચના જાગૃતિપૂર્વક કરવાથી વિશુદ્ધ બની શકાય છે.

પ્રતિક્રમણ એ જ શ્રેષ્ઠ આત્મઅવલોકન છે. આયુષ્ય પૂર્ણ થતાં પણ જો આલોચના કરી પ્રાયશ્ચિત્ત લઈ બધા જીવોને ખમાવીએ તોપણ જીવ આરાધક અથવા એકાવતારી બની શકે છે, પણ જે આવી પ્રવૃત્તિ-ક્રિયા નથી કરતો કે વિરાધક (આલોચના કર્યા વિના) બની જાય છે.

તો ચાલો આપણે સહુ પણ પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણ નિમિત્તે બધા જીવોને ખમાવીએ અને તેઓ પાસથી ક્ષમાપના પામીને આત્માને કર્મથી હળવા બનાવીએ. વધુ ક્રિયા ન કરી શકીએ તોપણ ભાવપ્રતિક્રમણ કરીને પણ આલોચના જરૂર કરવી.

સન્માર્ગની જો યથાર્થ શ્રદ્ધા ટકે તોપણ જીવ દર્શનઆરાધક બની અલ્પ ભવે મુક્તિ પામી શકે છે.

જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ

તથા

જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ

દ્વારા આયોજિત

જૈન સમાજના દરેક ફિરકાઓને આવરી લેતો

# ૨૧મો સમૂહલગ્નોત્સવ

દિનાંક : રવિવાર, તા. ૨૦-૧૨-૨૦૧૫

સ્થળ : પોલીસ પરેડ ગ્રાઉન્ડ, ઘાટકોપર (ઈસ્ટ)

**સહયોગી**

| | | |
|---|---|---|
| મુખ્ય દાતા | : | શ્રી નીતિનભાઈ મનસુખલાલ સંઘવી |
| ભોજન દાતા | : | શ્રી રમેશભાઈ પ્રેમચંદભાઈ મહેતા |
| સજાવટના દાતા | : | શ્રી જયરાજભાઈ તારાચંદભાઈ દેવાણી |

વહેલા તે પહેલાના ધોરણે ૨૧ યુગલોને લેવાનાં છે.

વડીલોને ખાસ સૂચના કે વહેલી તકે જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતિ

નોંધ : અનિવાર્ય સંજોગોને કારણે જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ૨૦૧૬ની ક્રિકેટ ટૂર્નામેન્ટ રદ કરવામાં આવી છે

## BIO-DATA



| | | |
|---|---|---|
| **NAME** | : | **HARSH BHAVSAR** |
| **Bd/Bp/Bt** | : | 17-06-1988 Mumbai, Vile-Parle (West), 3:27 am |
| **Height** | : | 5'11" feet |
| **Religion** | : | Jain – Deravasi( Murtipujak) |
| **Caste** | : | Dasha Shreemali Jain |
| **Address** | : | 6 Sahakar, P.M. Road, Vile Parle (East), Mumbai – 400057 **(Temporary)** : 202 Kamal, B-wing, Azad Road, Vile Parle (East), Mumbai – 400057 **(Permanent)** |
| **Tel. Nos.** | : | 022-26146724 / 09930449113 |
| **Email** | : | bhavsarharsh@gmail.com, ritaybhavsar@gmail.com |
| **Degree** | : | B.E.(Hons) in Computer Science from Birla Institute of Technology & Science (BITS), Pilani (2010) M.S. in Computer Engineering from the University of Florida (2014) |
| **Work Exp.** | : | Brocade Communications (2010-2011) Samsung India Software Operations Pvt. Ltd. (2011-2012) Intel Corporation, USA (presently) |
| **Hobbies** | : | Photography, swimming, football, hiking, traveling. |

**Family Information**

| | | |
|---|---|---|
| **Father** | : | Dr. Yogendra Bhavsar (Skin Specialist & Family Physician) |
| **Mother** | : | Rita Y. Bhavsar (House Wife) |
| **Sister** | : | Priyanka Bhavsar (Master in Speech Therapy and Audiology, Mumbai); Married |
| **Native Place** | : | Ahmedabad (Kheda) |
| **Grand Father** | : | Late Shri Bansibhai P. Bhavsar |
| **Grand Mother** | : | Late Shrimati Shantaben B. Bhavsar |
| **Mosal** | : | Late Champakbhai M Mehta (Ghatkopar) |
| **Note** | : | **Coming to Mumbai from 10th to 20th November, 2015** |

Advt.

# અભિનંદન


વડોદરા શહેર ખાતે જૈન જાગૃતિ સેન્ટર-સયાજી નગરી દ્વારા સેન્ટરના નામના સર્કલનું અનાવરણ કરવામાં આવેલ છે, જે વડોદરામાં આવેલા આપણી સંસ્થાનાં બે સેન્ટર, અન્ય સોશિયલ ગ્રુપ તેમ જ વડોદરા શહેરના તમામ જૈન સંઘોમાં આ પ્રકારનું કાર્ય વડોદરામાં પ્રથમ આપણા સેન્ટર દ્વારા કરવામાં આવેલ છે. આ સૌથી મોટું સર્કલ છે, જે વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આવેલ છે, જેનું અનાવરણ વડોદરાના મેયરશ્રી ભરતભાઈ શાહ (જેઓ પોતે પણ જૈન છે) તથા જેજેસી-સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી રમેશભાઈ મોરબિયાના શુભ હસ્તે રવિવાર, તા. ૧૯-૭-૨૦૧૫ના રોજ થયેલ છે.




વડોદરા શહેર ખાતે પ્રથમ જેજેસી સર્કલ સયાજી નગરી દ્વારા સ્થાપવામા આવ્યું




સર્કલનું ઉદ્‌ઘાટન મેયરશ્રી ભરલતભાઈ શાહ તથા
જેજેસી ચૅરમૅન શ્રી રમેશભાઈ મોરબિયાના વરદ હસ્તે



વડોદરાના મેયર શ્રી ભરતભાઈ શાહ જેજેસી ચૅરમૅન શ્રી રમેશભાઈ મોરબિયા



જેજેસી સેન્ટ્રલ બોર્ડના પદઅધિકારીઓ તથા વડોદરાના
મેયરશ્રી ભરતભાઈ શાહ વડોદરા મ્યુનિસિપલ કાઉન્સીલર

# COME AND EXPERIENCE
# AN UNMATCHED LIVING SPACE SPREAD OVER 22 ACRES




**Ready to glance:** Exclusive Sample Villas • Grand Entrance Facade • Internal Roads

MANGALYAM
meadows
DISCOVER LIFE
Chanvai Village, Valsad

**The glimpse of exclusivity:** 412 beautifully designed villas | Nearly 3 km of internal roads with ornamental street lighting | Large water body at the entrance with night lighting | Enchanting water fountains and large landscaped gardens at various locations within the project | Grand and opulent clubhouse spread over 40,000 sq. ft. (approx.) over a water body having a swimming pool with wooden deck, open air cafe, 84 seater private theatre, separate children's theatre, 3000 sq. ft. banquet hall with attached 12,000 sq. ft. of lawn area, fully-equipped gymnasium, spa, soundproof discotheque, colonial styled library, 14 fully-equipped guest bedrooms and a host of other amenities

ADVT

Disclaimer : The information in this ad is indicative of the kind of development that is proposed. Subject to the approval of the authorities or in the interest of continuing improvement in the leaflets/ brochures or any other printed material, are only indicative and artistic imagination, may not be exact or accurate, and the same does not form either the basis or part

Dalal Gruh & Infra Projects presents Mangalyam Meadows, a superior villa living near Valsad, where life unfolds the best of exclusive living. Adorned with new-wave features and best-in-class amenities, Mangalyam Meadows is nothing but a glorious manifestation of a supreme life amidst nature.



• Large Water Body at the Entrance

BOOKINGS ARE OPEN


Call: 90290 94922, 86550 94922 | www.mangalyammeadows.com

**Mumbai Sales Office:** 43, 1st Floor, Swastik Plaza, V.M. Road, Juhu, Next to Kala Niketan, Vile Parle (W), Mumbai - 400056
**Sales / Site address:** Mangalyam Meadows, Chanvai Rabda Road, Chanvai Village, via Atul, District: Valsad - 396020
Call: 93281 94922 / 93272 94922 | sales@mangalyammeadows.com

ent, the developers reserve the right to change the layout , plans, specifications or features without prior notice or obligation . The details, images, sketches and elevation contained
art of the offer or contract. The area shown in the plan includes the column offsets and plaster thickness.

DESIGN : Y ON WEB

# ચાલો, આપણે એવી છ વ્યક્તિઓ વિશે કંઈક વિશેષ જાણીએ કે જેમણે વ્યાવસાયિક ક્ષેત્રે શૂન્યમાંથી સર્જન કર્યું હોય!



**એ. પી. જે. અબ્દુલ કલામ:** અવુલ પકિર જૈનુલાબ્દિન કલામ એક અતિગરીબ પરિવારમાંથી છે કે જેમના પિતા નાનકડી નૌકા ચલાવતા હતા. પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવાના આશયથી બાળપણમાં કલામસાહેબ વર્તમાનપત્રના વિતરણનું કામ કરતા. મર્યાદિત આવકના સ્રોતો વચ્ચે પણ તેઓ ભૌતિકશાસ્ત્રમાં સ્નાતક થયા અને ઍરોસ્પેસ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો. ભારતની અણુશક્તિની દિશામાં પગરણ માંડવાની દિશામાં તેઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. વર્ષ ૨૦૦૨માં તેઓ ભારત દેશના ૧૧મા રાષ્ટ્રપતિ બન્યા.


**સુશીલકુમાર :** એક દાયકાથી પણ ઓછા સમયગાળામાં સુશીલકુમાર કુસ્તી ક્ષેત્રે ભારતનું પ્રતિનિધિત્વ કરતા મહત્ત્વના ચહેરા તરીકે ઊપસી આવ્યા. પશ્ચિમ દિલ્હીના બાપરોલા નામક નગરના વતની સુશીલકુમારના પિતા બસચાલક અને માતા ગૃહિણી હતાં. તેઓએ વર્ષ ૨૦૦૬માં અર્જુન એવૉર્ડ પ્રાપ્ત કર્યો અને એક ઉત્કૃષ્ટ કસરતબાજ (ઍથ્લેટ) તરીકે ભારત તરફથી સ્પર્ધક તરીકે ભાગ લઈને ઑલિમ્પિક્સ રમતોમાં બે ચંદ્રકો પ્રાપ્ત કર્યા.






**મોહમ્મદ શમી અહેમદ :** પશ્ચિમ બંગાળના એક નાનકડા ગામ જોનાગરમાં ઉછરેલા મોહમ્મદ શમી અહેમદે ભારતીય તેજ (ઝડપી) ગોલંદાજ તરીકે નોંધનીય સિદ્ધિ પ્રાપ્ત કરી છે. એક ખેડૂત પરિવારના શમી આર્થિક અગવડોને કારણે બે છેડા મેળવવામાં સતત મૂંઝવણ અનુભવતા રહ્યા હતા, પરંતુ આજે તેઓ પોતાની ઘૂમરી ખાતી (સ્વિંગ) ગોલંદાજીથી સારામાં સારા બૅટ્સમૅનને મૂંઝવતા રહે છે અને ભારતીય ક્રિકેટચાહકોને મુગ્ધ કરતા રહે છે.

# ચાલો, આપણે એવી છ વ્યક્તિઓ વિશે કંઈક વિશેષ જાણીએ કે જેમણે વ્યાવસાયિક ક્ષેત્રે શૂન્યમાંથી સર્જન કર્યું હોય!



**ધીરુભાઈ અંબાણી** : ધીરુભાઈ હીરાચંદ અંબાણી કે જેઓ ધીરુભાઈ અંબાણી તરીકે વધુ લોકપ્રિય છે. તેઓ ભારતની સિમાચિહ્નરૂપ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક છે. ધીરુભાઈ અંબાણીના પિતા મર્યાદિત આવક ધરાવતી વ્યક્તિ હતા. આર્થિક છેડાઓ મેળવવા ધીરુભાઈ તેલ અને ફ્રિટસનું વેચાણ કરીને ગુજરાન ચલાવતા હતા. તેમની સફળતાના માપદંડને તેમના અવસાન બાદ પણ આજે પ્રત્યેક ભારતીય પિછાણે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની કુલ અસ્કયામતો (મિલકત) આજે ૮૫ અબજ ડૉલર્સ જેટલી છે.



**નીતિન સંઘવી** : સફળતાના શિખરે બિરાજમાન આ વિરલાઓની યાદીમાં નીતિન સંઘવી નામ કદાચ ઓછું જાણીતું છે, પરંતુ તેમની જીવનગાથાએ પણ અનેકોને પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. વર્ષ ૧૯૮૪માં નીતિન સંઘવીએ પોતાના મિત્ર પાસેથી રૂા. ૫૦૦/- ઉછીના લઈને એક ગૅરેજમાં કામ કર્યું. માત્ર એક જ વર્ષના સમયગાળામાં અમુક સંપર્કોની સહાયથી તેમણે પોતાના જ નામે મુંબઈના ઘાટકોપર ઉપનગરમાં આશરે ૧૨૦૦ સ્કવેરફૂટની જગ્યામાં અગ્નિશમન ઈક્વિપમૅન્ટ કંપનીનાં મંડાણ કર્યાં. આજે તેમની કંપનીએ રૂા. ૧૦૦૦ કરોડની સીમા પાર કરી લીધી છે.



**નારાયણ મૂર્તિ** : સુવિખ્યાત ઈન્ફર્મેશન ટેક્નૉલૉજી કંપની 'ઈન્ફોસીસ'ના પિતામહ સમાન નગાવારા રામરાવ નારાયણ મૂર્તિ એક સમયમાં અલ્પજાણીતી આઈટી કંપની પટની કૉમ્પ્યુટર્સમાં નોકરી કરતા હતા. જ્યારે તેમણે પોતાની કંપની ઈન્ફોસીસના પાયા નાખ્યા ત્યારે તેમની પાસે તેમની પત્નીની બચતરૂપે માત્ર રૂપિયા ૧૦૦૦ જેટલી મૂડી હતી. હવે એમની કંપનીની કુલ સ્થાવર મૂડી રૂા. ૧૦.૫ અબજ ડૉલર્સથી પણ વધુ છે.








Phase 1 : Rental tenants have already moved in
Phase 2 : Possession - March-2016




GREAT INVESTMENT OPPORTUNITY WITH GUARANTEED RENTAL INCOME NEAR TATA, FORD, NESTLE, COCA COLA, @ SANAND GIDC AHMEDABAD, GUJARAT.

| Units | Price | Monthly Rental |
|---|---|---|
| 1 BHK (720 sq.ft.) | 13.50*LAKHS | 10,000 |
| 2 BHK (972 sq.ft.) | 16.50*LAKHS | 12,500 |

*Terms & Conditions

aagam 99
RESIDENCY
1 BHK & 2 BHK LIFE STYLE APARTMENTS

CREATIVE ZONE FOR KIDS • INDOOR GAMES • CLUB HOUSE • MINI THEATER • PERGOLA SITTING • EVENT LAWN • GYM

www.aagam99residency.com • naman@aagamgroup.in

08758711999 | 09987781251

Advt.

# તમારાં સુખમાં બીજાને સાથીદાર બનાવો બીજાનાં દુઃખમાં તમે ભાગીદાર બનો

■ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી

## હું કોણ ?

અમેરિકાનો કરોડપતિ શ્રીમંત હુકર અંગત હેલિકૉપ્ટર લઈને ફરવા નીકળ્યો. અધવચ્ચે મશીનમાં ખામી આવતાં અચાનક ઉતરાણ કર્યું. હેલિકૉપ્ટરમાંથી એ બહાર નીકળ્યો. અજાણ્યો પ્રદેશ... મારે ક્યાં જવું એની કશી જ ખબર નહિ, ઝાડ પર ચઢયો. દૂરથી એક માણસને આવતો જોયો. હૈયે ટાઢક બંધાઈ... માણસ નજીક આવ્યો અને હુકરે પૂછ્યું અહીં ક્યાંય બસસ્ટેશન છે. આઈ ડોન્ટ નો.. મને ખબર નથી. અહીં નજીકમાં કોઈ રેલવેસ્ટેશન છે ? આઈ ડોન્ટ નો... અહીં નાસ્તો કરવા માટે કોઈ હોટલ છે ? આઈ ડોન્ટ નો... તરસ લાગે તો પાણી પીવાનું કોઈ સ્થાન છે ? આઈ ડોન્ટ નો... મને ખબર નથી. હુકરે કહ્યું, શું તને કાંઈ ખબર જ નથી? ગામડિયાએ જવાબ આપ્યો ''આય નો મોર ધેન યુ. તમારા કરતાં હું વધુ જાણું છું. વોટ ડુ યુ નો મોર ધેન મી ? મારા કરતાં તું વધુ શું જાણે છે ? હું ક્યાં છું એની મને ખબર છે ! તમે ક્યાં છો એની તમને ખબર નથી. જાતને પ્રશ્ન પૂછવાની જરૂર છે, હું પોતે ક્યાં છું ? મારા જીવનનું કર્તવ્ય શું છે ? એ સમજ્યા વગર જ તમે ૬૦-૭૦ વર્ષ પૂરાં કરી દીધાં ? તમારું પોતાનું નામ એ તમારું નથી. તમારું નામ આખા જગતને કામ લાગે છે, પણ તમને પોતાને કામ નથી લાગતું. નામ તમારું ફૈબાએ પાડયું. આવા ઉધાર નામ પર કોઈ ગાળ દઈ જાય એમાં ગરમાગરમી કરવાની શી જરૂર છે ? જાતને ગૌરવ આપે અને જીવનને નિર્મળ બનાવે એવા પાંચ સ્ટેપની આજે વાત કરવી છે.

(૧) કો-ઑપરેશન એટલે કે સહકાર. જન્મના પહેલા દિવસથી માતાનો સહકાર ન મળ્યો હોત તો તમે મોટા થયા જ ન હોત. કેટલા બધાના સહકારથી તો આપણું જીવન ચાલે છે. હું જીવું છું એ શબ્દ અધૂરો છે. જગતના જીવો મને જિવાડે છે તે વાક્ય પૂર્ણ છે. મારાં સુખમાં મારે બીજાને સાથીદાર બનાવવા છે અને બીજાનાં દુઃખમાં મારે ભાગીદાર બનવું છે. સુખ એકલા ભોગવવું નથી અને દુઃખમાં ભાગ પાડયા વિના રહેવું નથી. જ્યાં સુધી મારા સુખમાં કોઈને સાક્ષીદાર નથી બનાવતો ત્યાં સુધી મને ચેન નથી પડતું. આવી અનુભૂતિ ખરી ? દસ પ્રકારના પુણ્યમાં અન્નદાન પહેલું મૂક્યું છે. તમે તમારા ફ્લૅટના દરવાજા જ્યારથી બંધ રાખ્યા છે ત્યારથી સુખમાં બીજાને સાથીદાર બનાવવાનું બંધ થઈ ગયું છે.

તમે કરોડપતિ છો. તમારું ૧૦ લાખ રૂપિયાનું પૅમેન્ટ રોકાયું છે. સામાની આર્થિક સ્થિતિ બહુ કમજોર બની ગઈ છે. ૧૦ લાખ રૂપિયા પાછા આપવાના ટેન્શનમાં કદાચ તે ડિપ્રેશનમાં આવી જાય એવું છે અને પરિવારનો કોઈ સભ્ય સુસાઈડ કરવા તૈયાર થઈ ગયો છે. આવા સમયે તમે એના ૧૦ લાખ રૂપિયા છોડી દો ખરા ? એના દુઃખમાં તમે ભાગીદાર બનો ખરા ? મારે જાણવું છે. તમારી સહકારની ભૂમિકા કેટલી ? એ આપી શકે એવી કોઈ સ્થિતિ જ નથી. કુટુંબ જ્યારે અનાથ થઈ જવા તરફ છે ત્યારે તો ભાગીદાર બની જાઓ. પછી જુઓ શું આનંદ આવે છે.

હું દિલ્હી હતો. ગુજરાત એપાર્ટમેન્ટમાં મારું ચોમાસું હતું. એક છોકરો મને મળવા આવ્યો. સાહેબ આજે કમાલ થઈ ગઈ. હું આજે ઘરેથી સાઈકલરિક્ષામાં બેસી શિબિરમાં આવતો હતો. ૩૦ રૂપિયા થતા હતા. આપશ્રીનાં પ્રવચનો સાંભળ્યાં પછી નાના માણસો સાથે બાર્ગેનિંગ કરવાનું તો બંધ કરી દીધું છે. રસ્તામાં એક વૃદ્ધ માણસ ઊભો હતો. રિક્ષાવાળાએ પૂછ્યું તમારે ક્યાં જવું છે ? સાહેબ ! જ્યાં મારે આવવું હતું ત્યાં જ એને પણ આવવું હતું. રિક્ષાવાળાએ કહ્યું હું ૩૦ રૂપિયા લઈશ... વૃદ્ધ પુરુષે ખીસામાં હાથ નાખી ચીમળાયેલી ૧૦ રૂપિયાની નોટ કાઢી. મારી પાસે વધારે રૂપિયા નથી. રિક્ષાવાળાએ રિક્ષા ચલાવી તો ખરી, પણ અડધી મિનિટમાં પાછી લીધી. રિક્ષામાં વૃદ્ધ પુરુષને બેસાડયો. ત્યારે મેં રિક્ષાવાળાને પૂછ્યું. બે મિનિટ પહેલાં તો તે ના પાડી હતી. પછી તે કેમ બેસાડી દીધો. રિક્ષાવાળાએ કહ્યું, એ વૃદ્ધ પુરુષને મેં જોયો. હું પણ આવવાવાળા સમયમાં વૃદ્ધ થવાનો છું. મને પણ ભવિષ્યમાં કોઈ ટેકો આપનાર મળી રહે માટે મેં એને બેસાડી દીધો. સહકારમાં જ જીવન સફળ છે - સાર્થક છે. આ જીવનમાં ઉતારવું બહુ કઠિન છે.

મારું સુખ વધે તો બીજાને સહાય કરું અને બીજાનું દુઃખ

વધે તો હું ભાગીદાર બનું! આ બેમાંથી ક્યો વિકલ્પ ફાવે? એ દુઃખની વાત કરવા તમારી પાસે આવે ત્યારે સલાહ નહિ આપતા, પણ મદદ કરજો. તમારી દુકાનમાં જે ધંધો ચાલે છે એનો યશ કોના ફાળે જાય? દુકાનના દરેક માણસોના ફાળે! એને તમે સાચવો ખરા? એના દુઃખમાં તમે સહાયક બનો ખરા? દીકરો બાપને, વહુ સાસુને... દીકરી માને અને શિષ્ય ગુરુને સાચવે તો કો-ઑપરેશનમાં નંબર પાકો.. મારે મારા નીચેવાળાને સાચવવા છે.

આ દુનિયામાં મહાન માણસ કોણ? નાનામાં નાનો માણસ જેને સહજ જ મળવા આવી શકે એ દુનિયામાં મહાન માણસ બની શકે છે. ઘણું કરવા જાઓ એમાં કાંઇ ન કરો એવી ભૂમિકા તમારા જીવનમાં ઊભી ન થાય એનું ખાસ ધ્યાન રાખજો. તમારી ગાડી સાવ ખાલી જતી હોય, કોઈ લિફ્ટ માગે તો બેસાડી દો ખરા! ત્યાં જ તમે ખોખલા છો. આખી દુનિયા દુઃખી છે, કેટલાના ભાગી બનીએ? જવા દો.. આપણું કામ નથી! સંપત્તિ વધ્યા પછી બે નુકસાન થયાં (૧) મનની શંકા વધતી ગઈ અને હૃદયની શ્રદ્ધા ઘટતી ગઈ.

તમને ખબર નથી પશ્ચિમનો અઠંગ રાજકરણી મેક્યાવલી એમ કહે છે જે વાત તમે તમારા દુશ્મનને નથી કરી શકતા એ વાત તમારા મિત્રને નહીં કરતાં.. કારણકે આજનો મિત્ર આવતી કાલે દુશ્મન બની શકે છે. જ્યારે ભગવાન મહાવીર એમ કહે છે, જે વાત તમે તમારા મિત્રને કરી શકો છો એ જ વાત તમારા દુશ્મનને પણ કરજો, કારણકે આજનો દુશ્મન આવતી કાલે મિત્ર બની શકે તેમ છે. તમને તો પ્રવચન સાંભળવા આવો ત્યારેય શંકા રહે છે. એક બૂટ આમ મૂકો અને બીજું બૂટ બીજી બાજુ મૂકો.. કોઈ લઈ ન જાય માટે!

તમે મને પ્રૉમિસ આપી દો. મારા પરિવારમાં જેટલા જેટલા લોકો દુઃખી છે એને હું સહાય કરીશ. સગા ભાઈને ત્યાં લગ્નપ્રસંગ છે. એની સ્થિતિ નબળી છે, તમારી સ્થિતિ ઘણી સારી છે. એ વાસણ લેવા તમારી પાસે આવ્યો છે. એવા સમયે તમે વાસણો ગણીગણીને આપો? કેમ? તમે છો કોણ? તમારો બે કરોડનો ફ્લૅટ છે, ૬૦ લાખ રૂપિયાની ગાડી છે. તમે તો એક નંબરના ભિખારી છો. તમે શ્રીમંત શેના? ઊલટું તમારે એમ વિચારવું જોઈએ કે મારી પાસે અઢળક સંપત્તિ હોવા છતાં મારા ભાઈને મારી પાસે માગવા આવવું પડયું એ મને કલંક છે. વાસણ ગણીગણીને આપતાં અને લેતાં તમને શરમ નથી આવતી? લોહીનો સંબંધ કોઈ કામનો જ નહિ? તમારી કરુણ દશા છે કે સગા ભાઈને ગણીને વાસણ આપો છો...! સુખમાં સાથીદાર બનાવવાની વાત જ ક્યાં છે? હું ખૂબ વ્યથિત છું. તમારી માનસિકતા આવી કેમ બની ગઈ છે? આજે પણ મોટાંમોટાં કુટુંબો ટક્યાં છે એકબીજાના સહકારના કારણે!.. જે ઘરમાં સભ્યોની સંખ્યા વધારે હોય ત્યાં સમસ્યાઓ વહેંચાઈ જાય છે. 'હમ દો હમારે દો'ની સંખ્યા હોય તો સમસ્યા વધારે હેરાન કરે છે.. તમારી સંયુક્ત કુટુંબમાં રહેવાની ઈચ્છા કે વિભક્ત કુટુંબમાં રહેવાની ઈચ્છા? વિભક્ત કુટુંબમાં પોતાની સમસ્યા કોની આગળ વ્યક્ત કરે? જ્યારે સંયુક્ત કુટુંબમાં મમ્મી સાથે બગડે તો.. ભાઈ સાથે બેસીને વાત કરે અને પત્ની સાથે બગડે તો બા સાથે બેસીને વાત કરે... એકબીજાનાં દિલ હળવાં થઈ શકે.

(૨) કલેક્શન... સંસ્કારને સાચવી રાખો. તમારા જીવનમાં ત્રણ ચીજ આવે છેઃ (૧) સંપત્તિ (૨) સ્વાર્થ અને (૩) સત્તા. સાચવી રાખવા છે... હું તમને ત્રણ ચીજ સાચવવાની વાત કરું છું (૧) સંસ્કાર (૨) સદ્ગુણ અને (૩) સમાધિ સાચવી રાખજો. મા-બાપ તરફથી જે સંસ્કાર આપો અને એ ઝીલે તો જ કલેક્શન શક્ય છે. આજના કાળમાં ઘણાં માતા-પિતા સારા સંસ્કાર આપી રહ્યાં છે, પણ સંતાનો સારા સંસ્કાર ઝીલવા તૈયાર નથી. તમારાં દીકરા-દીકરીઓ હાઈફાઈ કૉલેજમાં જઈ રહ્યાં છે અને તમે રાજીખુશીથી મોકલી રહ્યાં છો. ત્યાં સંસ્કાર ક્યાંથી ટકવાના હતા? પહેલા તમને પૂછી લઉં! દીકરા-દીકરીઓને સંસ્કાર આપવાનો તમને સમય છે ખરો? નદીનું પાણી રોકાવાનું નથી, પણ એ પહેલાં એને સમ્યક્ વળાંક આપી દો. એમ તમારા પરિવારને સમય તમે નહીં આપો તો એ ગમે ત્યાં જઈને સમય બરબાદ કરી દેવાનો છે. જે બટન જે ગાજમાં નાખવા જોઈએ ત્યાં જ નખાય છે ને? બટન અને ગાજના ક્રમમાં તમે ફેરફાર નથી જ કરતાં. એમ બજાર-સમાજ-જાત અને પરિવાર બધાને તમારે સાચવવાનાં જ છે. એને સમય તમારે આપવો જ પડે. એની ઉપેક્ષા તો ન જ ચાલે! તમને પોતાને જ ખબર નથી કે સંસ્કાર શું ચીજ છે?

વિવેકાનંદે પોતાની આત્મકથામાં લખ્યું છે કે શિકાગોમાં સર્વધર્મ પરિષદમાં હું લેક્ચર કરવા જતો હતો. માના આશીર્વાદ લેવા ગયો. માએ કહ્યું, બેટા છરી લાવજે ને? કોઈ દલીલ નહિ. વિવેકાનંદ છરી લઈને આવ્યા. માએ હાથ લંબાવ્યો.. બેટા! તને ૧૦૦ ટકા સફળતા મળશે. મા આમાં કાંઈ સમજાયું નહીં. તેં મને જ્યારે છરી આપી ત્યારે હાથાનો ભાગ તે મારા તરફ રાખ્યો ને અણીનો ભાગ તે તારા તરફ રાખ્યો. બીજાની

સલામતીની જે ચિંતા કરે છે એને જીવનમાં ક્યારેય નિષ્ફળતા નથી જ મળતી. આ એક સંસ્કાર હતા.

બાળમંદિરને બદલે હવે બાપાને મંદિરની જરૂર છે. કૂતરાને સાકળે બાંધ્યા અને દીકરાઓને રખડતા મૂકી દીધા છે. તમે તમારા દીકરાને વ્યાપારકુશળ બનાવ્યો, પણ વ્યવહારકુશળ ન બનાવ્યો. તારા આંગણીયે પૂછીને કોઈ આવે રે, આવકારો મીઠો આપજે રે...! તમારાં દીકરા-દીકરીઓ સંસ્કારની વાત સાંભળશે કે નહિ એ બહુ મોટો પ્રશ્ન છે. તમે મને આજે પ્રૉમિસ આપી દો... સાહેબ! અમારા ઘરમાં સંસ્કારને ખતમ કરે એવી એક ચીજ અમે નહિ વસાવીએ! અમારા ઘરમાં દીકરા-દીકરીઓ ઉદ્ભટ વેષ નહીં જ પહેરે... લગભગ સ્થિતિ એવી છે કોઈ મા-બાપ દીકરા-દીકરીઓને બોલી શકે તેમ જ નથી. તમે માત્ર પૈસા બનાવવાની વાત કરી છે. સંસ્કારની વાત જ નથી કરી. તમે કરી છે તો એમણે ઝીલી નથી.

એક અઠવાડિયે, આખો પરિવાર ઘરમાં ભેગો થાય ખરો? એક જગ્યાએ પ્રવચનમાં જવાબ મળ્યો.... સાહેબ! અમને ભેગા રાખવા હોય તો અમને ભેગા કરતાં જ નહિ! અમે બધા ભેગા નથી થતાં એટલે જ ભેગા રહ્યા છીએ. ધર્મની વાત હું કોની સામે કરું? જ્યાં નૈતિક્તા જ ખતમ થવા લાગી છે, જ્યાં સમાજની વ્યવસ્થા ખંડિત થવા લાગી છે, જ્યાં સંસ્કાર ખતમ થઈ રહ્યા છે. ત્યાં સમતા-સમાધિની વાત શી રીતે કરું?

(૩) કન્ફેશન : ભૂલ કબૂલ કરવી. જે વખતે તમને પોતાને લાગે કે આમાં હું ચૂક્યો છું. તરત ભૂલની કબૂલાત કરી દો. કેટલીય ભૂલો મારાથી થઈ છે. કોઈ મારી ભૂલ દેખાડે ત્યારે જરૂર સ્વીકાર કરી લઇશ. ભૂલ ન કરવા જેટલી ઉત્તમતા મારામાં ભલે નથી, પણ ભૂલનો બચાવ કરું એવી અધમતા તો મારામાં નથી જ. આવું તમે કહી શકો ખરા? આમાં એક વાત ખાસ ધ્યાનમાં રાખજો... ગમે તેની આગળ કન્ફેશન નથી કરવાનું. યોગ્ય વ્યક્તિ આગળ જ તમારી ભૂલની કબૂલાત કરજો, જે તમારી ભૂલો જાણ્યા પછી પણ પ્રેમ આપી શકે. સાંભળ્યા પછી માત્ર તિરસ્કાર જ કરવાનો હોય ત્યાં કન્ફેશન નહિ કરતાં.

ઘણી વાર એવું બને છે. સામે વ્યક્તિ પાસે કામ કરાવવા માટે જૂઠું બોલીને પણ કામ કઢાવી લઈએ છીએ. યુ કેન સ્પીક એ લાઈ! એક જ જૂઠ બોલીને અટકી જવું બહુ કઠિન છે. એક જૂઠ અનેક જૂઠને આમંત્રણ આપે છે. જેણે તમારા પર વિશ્વાસ મૂક્યો છે એની આગળ જૂઠું બોલી મહેરબાની કરી કામ નહિ કઢાવતા. બહુ મોટી તાકાત કન્ફેશનમાં પડી છે. લાખો-કરોડોનાં દિલમાં જેનું નામ રમે છે એવા બૅટસમૅન સચીન તેન્ડુલકરની ભૂલ કોચ કાઢે તો એ હા પાડે છે, તમે તરત ના પાડી દો છો. બહારના ક્ષેત્રમાં આ તાકાત જોઈએ છે તો અધ્યાત્મના ક્ષેત્રમાં તો કેટલી બધી તાકાત જોઈએ? કોઈ તમારી ભૂલ કાઢે ત્યારે ના પાડીને બેસો... ૪૪ વર્ષ સુધી હું સાધુપણામાં હાઈટ પર દેખાતો હોઉં તો એનું કારણ ભૂલ ન કરવા જેવી ઉત્તમતા મારામાં નહોતી તોય ભૂલનો બચાવ કરું એટલી અધમતા પણ નહોતી જ. મારા ગુરુમહારાજનું મોઢું મેં ક્યારેય તોડયું નથી. આજે ઘણાં છોકરા-છોકરીઓ પોતાનાં માતા-પિતાનું મોઢું તોડી રહ્યાં છે. એ એમ કહે, તારે અહીં જવા જેવું નથી, તો જવાબ આપી દે છે કે તમને ન ખબર પડે. તમે જુનવાણીના છો. એક મિનિટમાં તમે મા-બાપને નીચે ઉતારી દો છો? તમારા જીવનની વ્યવસ્થા વેરવિખેર બની ગઈ છે. કો-ઑપરેશન-કલેક્શન અને કન્ફેશનમાં તમારો નંબર ક્યાં છે?... હું પણ તમારી સામે કન્ફેશન કરું છું.. આજે મારી પાસે જેટલી બુદ્ધિ છે એટલી બુદ્ધિ દીક્ષા લેતાં પહેલાં હોત તો મેં દીક્ષા લીધી ન હોત. આજે તમે સાધુ નથી બનતા એનું કારણ પણ આ જ છે. જરૂર કરતાં બુદ્ધિ તમારી પાસે વધારે છે. શરીરમાં રોગ પેદા થાય ત્યારે ચોક્કસ ડૉક્ટર પાસે જ રોગનું પ્રગટીકરણ કરો છો.. એમ દોષનું પ્રગટીકરણ પણ યોગ્ય વ્યક્તિ આગળ જ કરજો. નહિતર શક્ય છે કે કાયમ માટે સંબંધમાં કડાકો બોલાઈ જાય. બોલવાવ્યવહાર પણ ન રહે.

મારી ભૂલની મેં કબૂલાત તો કરી. હવે એ ભૂલને સુધારી દેવી છે. એક-બે-ત્રણ વાર ભૂલ દેખાડી.. હવે મારે સુધારી લેવી જ છે. જો ભૂલોનું રિપિટેશન થયા કરે તો શક્ય છે સામી વ્યક્તિ ભૂલ કાઢવાનું જ બંધ કરી દે. કન્ફેશન થયા પછી કરેક્શનની બાબતમાં માનસિક સજ્જતા કેટલી? બૅટ્સમૅન અચાનક આઉટ થઈ જાય તો પોતે પોતાની વીડિયો જુએ છે. ક્યા બૉલે મારી વિકેટ પડી ગઈ. સાથે કોચને બેસાડે છે. તે વખતે કોચ કહે કે આ બૉલ જ્યારે આવ્યો ત્યારે તારે બૅટ આ રીતે ચલાવવાનું હતું. બીજી મૅચમાં હવે આ ભૂલ નહિ કરતો... ભૌતિક સંબંધિક ક્ષેત્રમાંય ભૂલ સુધારવી જ પડે છે, તો અધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ વધવું હોય તો ભૂલને સુધારવી જ પડશે.

એક શહેરમાં હું પ્રવચન કરતો હતો. એક નાનકડી વાત મૂકી કે ૭૦ વર્ષની ઉંમર થઈ ગયા પછી ટીવી નહિ જોવું. ૦।।

કલાક વાતચીત ચાલી. એક ૭૦ વર્ષની ડોશી અભિગ્રહ લેવા ઊભી થઈ ગઈ. તરત બાજુમાં એક બહેન ઊભાં થઈ ગયાં. સાહેબ! આમને આ નિયમ નહીં આપતા, એ મારી સાસુ છે.. મેં કહ્યું એમાં તમને તકલીફ શું છે? ત્યારે એ બહેને કહ્યું, ટીવી જોવાનું છોડશે તો એ મને પકડશે... ઊલટી હેરાનગતિ વધી જશે.. તમારે કરવું હોય તો તમે બધું જ કરી શકો તેમ છો, પણ ભૂલ સુધારવાની અંતરમાં જે આગ પેદા થવી જોઈએ તે ઊભી થતી જ નથી. હૃદય સાવ ઠંડું પડી ગયું છે. તમારા બંગલાઓ મોટા થઈ ગયા પણ હૈયાં સાવ નાનાં થઈ ગયાં છે. તમારી બધી વ્યવસ્થા મને ખબર છે. મા-બાપ ગમતાં નથી. એ વાત કરે તો સાંભળવું ગમતું નથી. નાનો ભાઈ મોટા ભાઈ સાથે બેસવા તૈયાર નથી. વહુ સાસુ સાથે બેસવા તૈયાર નથી. તમારા જીવનમાં શું ચાલી રહ્યું છે એ કાંઈ સમજાતું જ નથી. કંઈક જીવન સુધારવાની જરૂર છે.

**(૫) કનેક્શન :** જ્યાં હૃદય જોડાયું છે ત્યાં બુદ્ધિથી સંબંધો તોડવાની જરૂર નથી. જે તમારી સાથે હૃદયથી વાત કરે છે ત્યાં તમારું કનેક્શન તોડતા નહિ... સંબંધ બંધાય છે હૃદયથી, સંબંધ તૂટે છે બુદ્ધિથી... જે તમારી સાથે હૃદયથી ટ્યુનિંગ કરી રહ્યા છે એને બુદ્ધિથી તોડી દેવાનું પાપ ક્યારેય નહિ કરતાં. મા પૂછે, દીકરી તું ક્યાં ગઈ હતી? બાપ દીકરાને પૂછે, બેટા! તું ક્યાં ગયો હતો? તે વખતે તમે સામો જવાબ આપો... તમે શાંતિથી બેસો. તમે ક્યા જમાનામાં જીવો છો. જે મા-બાપે તમને ૨૦-૨૦ વર્ષ સુધી મોટાં કર્યાં, પોતે દુઃખી રહી, તમારી સ્કૂલની ફી ભરી એને ચૂપ કરી દેવાનું પાપ મહેરબાની કરીને કરશો નહિ. સંબંધ ટકાવી રાખજો. બુદ્ધિવાળાં દીકરા-દીકરીઓ સામે હૃદયવાળાં મા-બાપની તાકાત વધારે જ હોય છે. બુદ્ધિવાળા શિષ્યની તાકાત કરતાંય હૃદયવાળા ગુરુની તાકાત વધારે જ હોય છે. નાલાયક એવા દુર્યોધન પાસે શ્રીકૃષ્ણ સામે ચઢીને ગયા... પાંડવો માટે આટલી જમીન આપી દો... શ્રીકૃષ્ણે હૃદયથી પૂછેલા પ્રશ્નને દુર્યોધને બુદ્ધિથી જવાબ આપ્યો. જેના કારણે યુદ્ધમાં લાખો માણસો મોતને ઘાટ ઊતરી ગયા. ભીમે જ્યારે જાંઘ પર ગદા મારી ત્યારે અશ્વત્થામા પૂછે છે... દુર્યોધન અંતિમ કોઈ ઈચ્છા છે? ત્યારે પાપી દુર્યોધને કહ્યું કે દ્રૌપદીના પાંચેય દીકરાઓનું મારે લોહી પીવું છે. જ્યારે એક દીકરો બાપને બુદ્ધિથી જવાબ આપે છે, કે શિષ્ય ગુરુને બુદ્ધિથી જવાબ આપે છે ત્યારે બાપના કે ગુરુના હૃદયના ટુકડેટુકડા થઈ જાય છે એ દીકરાને કે શિષ્યને ક્યાં ખબર છે... એક વાક્ય મને અહીં જ યાદ આવ્યું છે... તમે બધા ખાસ કોટ કરજો,

''આવો બાપ મારા લમણે ક્યાં ઝીંકાયો એવું જીવન તમારું બાપ તરીકે નહિ બનાવતા અને મેં આવા દીકરાને ક્યાં જન્મ આપ્યો એવું જીવન તમારું પુત્ર તરીકે નહિ બનાવતા.'' સમર્પણ ભાવની ઉત્તમ વ્યવસ્થા આપણે ત્યાં આવી હતી. ત્રણ સંસ્થા ઉત્તમ હતી (૧) શિક્ષક-વિદ્યાર્થીની (૨) પિતા-પુત્રની (૩) અને ગુરુ-શિષ્યની... આને માતૃસંસ્થાનું નામ આપવામાં આવ્યું છે. આ સંસ્થા જ્યાં સુધી વ્યવસ્થિત ચાલે છે, જીવંત છે ત્યાં સુધી આ દેશને કોઈ જ વાંધો આવે તેમ નથી. તમારા જીવનની દુખતી નસ ગુરુ સિવાય કોણ દબાવશે? તમે તમારી જાતને ધન્યવાદ આપજો કે ગુરુદેવ આપણને સંભળાવી શકે છે! કડક એવી વાત પણ તમને સાંભળવાનું મન થાય છે એ તમારી ઉત્તમતા છે. હું ઈચ્છું છું કે તમારા જીવનમાં આ પાંચે ચીજની પ્રતિષ્ઠા થઈ જાય તો તમારું જીવન સાર્થક-સફળ અને નિર્મળ બની જશે.


**बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

*नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्टूमेंट

♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 •Tel.: 022-24121234**

# ગૌતમ પૃચ્છા

n છાયા પ્રવર કોટીચા

પ્રશ્ન : હે ભગવાન, ચૌદ પૂર્વનો સાર શું છે?

ઉત્તર : હે ગૌતમ, ચૌદ પૂર્વનો સાર નવકાર મંત્ર છે.

પ્રશ્ન : હે ભગવાન, નાની વયમાં જ માતા-પિતા કયા પાપના ઉદયથી મૃત્યુ પામે છે?

ઉત્તર : હે ગૌતમ, મનુષ્ય, પશુ વગેરેનાં નાનાં નાનાં બાળકોનાં માતા-પિતાને મારવાવાળા પ્રાણીને બાળપણમાં જ મા-બાપ મરી જાય છે.

પ્રશ્ન : હે ભગવાન, સ્ત્રી-પુરુષના પરસ્પર વિરોધભાવ કયા કારણથી હોય છે?

ઉત્તર : હે ગૌતમ, પૂર્વભવમાં પતિ-પત્નીના પરસ્પરના પ્રેમભાવ તોડવાથી વેર-વિરોધ થાય છે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્ય લંગડો કયા પાપથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, પગથી પ્રાણધારી જીવોને મસળીને કે કૂચલીને મારી નાખવાથી જીવ લંગડો બને છે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્યને ગળગૂમડાં વગેરે કયા પાપથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, ફળોની અંદર મસાલા ભરી ભડથાં કર્યાં હોય તથા એને તળીને, શેકીને હસીહસીને ખાધાં હોય તે મનુષ્યને ગળગૂમડાં થાય છે.

પ્રશ્ન : હે ભગવાન, કરોડો રૂપિયાની સંપત્તિ હોવા છતાં એનાથી સુખ નહીં પામવાનું કયું કારણ છે ?

ઉત્તર : હે ગૌતમ, જેણે દાન આપી પશ્ચત્તાપ કર્યો હોય તે સંપત્તિ મળવા છતાં સુખ નથી ભોગવી શકતો.

પ્રશ્ન : હે ભગવાન, અચાનક લક્ષ્મીની પ્રાપ્તિ કયા પુણ્યથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, ગુપ્તદાન દેવાથી અચાનક લક્ષ્મી મળે છે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્ય આંખોથી આંધળો કયા પાપના ફળથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, જેણે પૂર્વભવમાં બધાને સમદૃષ્ટિથી ન જોયા હોય તે આંખોથી આંધળો થાય છે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્ય નાના કદનો કયા પાપના ફળથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, જે મનુષ્યે પૂર્વભવમાં પોતાના શરીરનું અભિમાન કર્યું હોય તે મનુષ્ય નાના કદનો બને છે.

પ્રશ્ન : હે ભગવાન, શરીરમાં ભગંદર રોગ કયા પાપના ફળસ્વરૂપે થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, જેણે પૂર્વભવમાં પચેન્દ્રિય જીવોના પ્રાણ લીધા છે, તેના શરીરમાં ભગંદર રોગ ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન : હે ભગવાન, કંઠમાળનો રોગ કયા પાપના ઉદયથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, જેણે પૂર્વભવમાં માછલીઓનો શિકાર કર્યો હોય તેને કંઠમાળનો રોગ થાય છે.

પ્રશ્ન : હે ભગવાન, પથરીનો રોગ કયા પાપના ઉદયથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, જેણે પૂર્વભવમાં પરસ્ત્રી સાથે મૈથુનસેવન કર્યું હોય તે પથરીના રોગનો શિકાર બને છે.

પ્રશ્ન : હે ભગવાન, વાળો કયા પાપના ફળરૂપે થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, જે જીવ ગાળ્યા વગર પાણી પીએ છે તેને વાળો થાય છે.

પ્રશ્ન : હે ભગવાન, શરીરમાં પ્રત્યક્ષ કોઈ રોગ ન દેખાય. પરંતુ જીવ અનેક રોગોથી દુઃખી હોય તો તે કયા પાપનું ફળ છે ?

ઉત્તર : હે ગૌતમ, જે જીવ લાંચ-રુશવત ખાઈ સાચાને જૂઠું બનાવે છે તેને એ દુઃખ હોય છે.

પ્રશ્ન : હે ભગવાન, શરીર કાળું-કુરૂપ કયા પાપથી થાય છે?

ઉત્તર : હે ગૌતમ, જેણે પૂર્વભવમાં અનેક ફળ-બી તોડી એનાથી પોતાનું રૂપ સુંદર બનાવ્યું હોય તે કુરૂપ થાય છે.

પ્રશ્ન : હે ભગવાન, કોઈ જીવ ખૂબ જ મીઠું બોલે છે, પરંતુ કડવું લાગે છે તો તે કયા પાપકર્મના ઉદયથી ?

ઉત્તર : હે ગૌતમ, જેણે પૂર્વભવમાં પચેન્દ્રિય વગેરે જીવોનું ભક્ષણ કર્યું હોય તેની મીઠી ભાષા પણ અપ્રિય લાગે છે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્યના માથે જૂઠું કલંક કયા પાપના ફળસ્વરૂપે હોય છે ?

ઉત્તર : હે ગૌતમ, જે મનુષ્ય અઢાર પાપસ્થાનક, મિથ્યાત્વ દર્શન, શલ્યનું સેવન વારંવાર કરતા હોય, દેવ, ગુરુ, ધર્મને ન માની ઊંધા ચાલે એના માથે જૂઠું કલંક લાગે.

પ્રશ્ન : હે ભગવાન, મનુષ્યને વધુ નિદ્રા કયા પાપના ફળથી આવે છે ?

ઉત્તર : હે ગૌતમ, જે પૂર્વભવમાં મદિરાપાન કરે છે તેને નિદ્રા વધારે આવે છે.

પ્રશ્ન : હે ભગવાન, જીવને વધુ રોગ કયા કારણથી થાય છે?

ઉત્તર : હે ગૌતમ, જે જીવે પૂર્વભવમાં અનંતકાળ કંદનો આહાર ખુશ થઈ કર્યો છે તે અધિક રોગોથી ગ્રસ્ત થાય છે.

પ્રશ્ન : હે ભગવાન, કોઈ જીવ સંસારી જીવ તથા માતા-પિતાને પ્રિય નથી લાગતો તે કયા પાપના ઉદયથી ?

ઉત્તર : હે ગૌતમ, જે મનુષ્યે પૂર્વભવમાં વિકલેન્દ્રિય જીવોને હણ્યા છે તે અપ્રિય લાગે છે.

પ્રશ્ન : હે ભગવાન, યુવાન પુરુષોને સ્ત્રીનો વિયોગ કયા પાપના ફળથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, જે પુરુષે પૂર્વભવમાં બળાત્કારપૂર્વક કામભોગનું સેવન કર્યું હોય તે યુવાવસ્થામાં સ્ત્રીનો વિયોગ પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : હે ભગવાન, નાસુર રોગ કયા પાપના ફળથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, પૂર્વભવમાં કસાઈકર્મ કરવાથી નાસુર રોગની ઉત્પત્તિ થાય છે.

પ્રશ્ન : હે ભગવાન, શરીરમાં ૧૬ રોગ એકસાથે કયા પાપથી થાય છે ?

ઉત્તર : હે ગૌતમ, જેણે ઘણાં ગામ-નગરોને બાળ્યાં હોય તે એકસાથે ૧૬ રોગનો શિકાર થાય છે.

પ્રશ્ન : હે ભગવાન, ઘણા મનુષ્યોને ફાંસી પર લટકવું પડે છે તો તે કયા પાપના ફળથી ?

ઉત્તર : હે ગૌતમ, જેણે પૂર્વભવમાં જળચર જીવોને બહુ માર્યા હોય તે ફાંસીની સજા પામે છે.

**ભગવાન મહાવીરને તેમના પ્રથમ પટ્ટધર શિષ્ય ગણધર ગૌતમસ્વામીએ ૩૬૦૦૦ પ્રશ્નો પૂછ્યા હતા જેની માહિતી આપણને ભગવતી સૂત્રમાં મળે છે. તેમાંથી માત્ર ૪૦-૫૦ જેટલા પ્રશ્ન-ઉત્તર મેં આપની સમક્ષ રજૂ કર્યા છે. વાચકોને જો વધારે જાણવાની જિજ્ઞાસા હોય તેમણે ભગવતી સૂત્રનું વાંચન કરવું.**

## હાર્દિક અભિનંદન







### ડૉ. શ્રેયા ભરતભાઈ દોશી

**ભરત ડાહ્યાલાલ દોશી (અમરાપુરવાળા) હાલ વડોદરા (ઉપપ્રમુખ જૈન જાગૃતિ સેન્ટર, કલાનગરી, વડોદરા)ની સુપુત્રી શ્રેયા દોશીએ મહારાષ્ટ્ર યુનિવર્સિટી ઑફ હેલ્થ સાયન્સમાંથી ડેન્ટલ સર્જરીમાં માસ્ટરની ડિગ્રી (M.D.S. - Periodontology and Oral Implantology)માં ૭૦% માર્ક્સ સાથે કૉલેજમાં પ્રથમ સ્થાન મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે. મોતીચંદ ભગવાનજી દોશી પરિવારમાં તેઓએ પ્રથમ ડૉક્ટર બની પરિવારનું નામ રોશન કરેલ છે તે બદલ હાર્દિક અભિનંદન.**

# વૈજ્ઞાનિક વૃત્તિ

જ્યારથી માનવી આ પૃથ્વી પર પ્રગટ થયો, ત્યારથી ફક્ત માનવીને વૈજ્ઞાનિક વૃત્તિની ભેટ ઈશ્વરે આપી છે, કોઈ પણ પશુ-પક્ષીને, જળચરને નહીં. ફક્ત માનવીને વનસ્પતિ, અનાજ, ફળ, તરકારી કે ભાજીપાલામાંથી રાંધવાનો અને ઔષધિઓ તરીકે ઉપયોગનો-સંશોધનનો વૈજ્ઞાનિક અભિગમ આવડ્યો.

કુદરતી રિસોર્સ (ખજાના)ને વધુ ને વધુ જાણી તેનો કુદરતી સાઈકલને હાનિ ન થાય તેવો સદ્‌ઉપયોગ કરનાર અને શોધનાર પણ માનવી જ ને! પોતાનું મિશન-ધ્યેય જાગતિક હિતને અનુરૂપ ધરાવનારા અને તેવા ધ્યેય માટે મચ્યા રહેનાર સતત પોતાને પ્રત્યેક ક્ષેત્રે અપગ્રેડ કરનાર નવા સંશોધન (ઈનોવેશન), વધુમાં વધુ લોકોને તથા જીવોને જીવન-સગવડ, સુખ વધારે, દુઃખ ઘટાડે, ઉચ્ચતા તરફ લઈ જાય તેવું વિચારનારા નીતિ, કાયદા, ધર્મ, રિવાજો, પ્રથાઓ, રહેણીકરણી, કળા, ઈશ્વર, ગ્રહો, બ્રહ્માંડ સર્વ પર મંથન, સંશોધન કરનારા પણ વૈજ્ઞાનિક જ કહેવાય ને!

પણ જ્યારે માનવને દાન કરવાનું મન થાય ત્યારે સગાં અને પાડોશીના બદલે અજાણ્યા માટે કરે છે અને વિચારભેદ તથા હરીફાઈનું મન થાય ત્યારે સગાંઓ, પાડોશીઓ તથા ભાગીદારો સાથે કરે છે! તેવી જ રીતે યુદ્ધનાં સંશોધનો પણ પાડોશી દેશ, વિરોધીઓ તથા આર્થિક સમૃદ્ધિનો વિસ્તાર વધારવા થાય છે. પછી તે 'અશ્વમેધ', કૌરવો, રાવણથી સિકંદર, હિટલર, સ્ટેલિન કે જર્મની, જાપાન, ફ્રાન્સ, બ્રિટન, ચીન, પોર્ટુગલ, મુઘલ, રશિયાના શાસકો હોય, તેના વૈજ્ઞાનિકો હોય અને એ જ વૈજ્ઞાનિકો જ્યારે સર્વ જગત માટે વિચાર કરી સંશોધન કરે ત્યારે વીજળી, લિફ્ટ, મોબાઈલ, બાયપાસ કે પેસમેકર સુધી અને તેથી આગળનાં સંશોધનો થાય છે. અણુ-રિએક્ટરો પણ છે અને અણુબૉમ્બ પણ છે. રામાયણકાળનાં શાસ્ત્રોમાં પણ 'બ્રહ્માસ્ત્ર' નામ છે જ ને! છતાં વિજ્ઞાનના ઉપકારો અમૂલ્ય છે.

માનવીની પશુ અને આસુરી વૃત્તિ પર સંશોધન કરનાર અને તેની ઉપરવટ કેમ જવું, તે શીખવનારને આપણે સંત કહીએ છીએ અને સગવડો શોધનારને વૈજ્ઞાનિક. જોકે, બેઉ વૈજ્ઞાનિકતાની જ દેન છે ને! એક પર બુદ્ધિનો કાબૂ છે- બીજા પર અંતરઆત્માનો કાબૂ છે. જોકે, ઈશ્વરે માનવ પર કૃપા વરસાવી, ભલું કરવા સારા માર્ગે જવા માટેની સલાહ આપવા અંતરઆત્મા આપેલ છે. પોતાની માન્યતા અને પૂજાના બદલે ઈશ્વરનાં વચનો, ઈશ્વરની પ્રાર્થના અને અંતઃકરણનો અવાજ સાંભળી અમલ કરવા પ્રેરે તે સંત કહો કે સદ્‌ગુરુ.

આમ વૈજ્ઞાનિક વૃત્તિએ માનવજાતને અમૂલ્ય ભેટ આપી છે એ તો માનવું જ રહ્યું.

## સોનેરી વાત!

- ભોજનની જેમ ભજનમાં પણ નિયમ રાખવો જોઈએ.
- મરણને ભક્તિ જ સુધારે છે. જ્ઞાન પર ભરોસો રાખશો નહીં.
- અતિથિ ભગવાનનું સ્વરૂપ છે. આંગણે આવેલો અતિથિ ભૂખ્યો રહે તો યજમાનનું પુણ્ય ખાઈ જાય છે.
- મનુષ્ય શરીર કરતાં આંખથી, મનથી વધારે પાપ કરે છે.
- એકાંતમાં કામને જીતે એ વીર છે.
- મનને બહુ ગમે તે કરશો નહીં. મન માગે તે આપશો નહીં, તો ધીરે ધીરે મન કાબૂમાં આવશે.
- સંતની સેવા સદ્‌ભાવથી કરે તે જ સુખી થાય.
- કીર્તન એવી રીતે કરો કે ભગવાન આવીને ઉઠાડે. 'હું આવ્યો છું, તારી આંખ ઉઘાડ.'
- ખાવ ત્યારે આંખ ઉઘાડી રાખો.
- ધર્મ એ પિતા છે. ધર્મ એ મા છે. પત્નીની પસંદગી હોય, માની પસંદગી હોય નહીં, ધર્મ બદલી ન શકાય.
- ભગવાન ભક્તોને ખૂબ માન આપે છે.

# નવેસરથી શરૂઆત થતી હોય ત્યારે

n **નાનુભાઈ સંઘવી**

અપેક્ષાઓની એ દીવાલ સર્જાવાની જ અને એને ઓળંગ્યા વિના આગળ વધવું પણ અશક્ય છે માટે જ એની ઊંચાઈ બને એટલી ઓછી રાખી શકાય તો સારું.

કોઈ પણ નવા સંબંધનો આરંભ બે વ્યક્તિઓની પરસ્પરની અપેક્ષાઓથી થાય છે. કોણ કેટલી અપેક્ષા સંતોષે છે એના આધારે સંબંધ બાંધવાનો કે આગળ વધારવાનો નિર્ણય થાય છે. ફૉર એ ચેન્જ, શું એવું કરી શકાય કે બેઉ એકબીજાને કહે કે, મારી આકાંક્ષાઓમાંથી હું આટલી -કહો કે પચીસ ટકા જેટલી - આકાંક્ષાઓ ઓછી કરી નાખું છું અને એ પૂરી કરવાની તમારી કોઈ જ જવાબદારી નથી, એ ફળીભૂત ન થઈ તો મને કશો જ વાંધો નહિ આવે, એને કારણે આ સંબંધને ઊની આંચ પણ નહિ આવે!

ઉદારતાથી આરંભાતા સંબંધો જ પાંગરતા હોય છે. ખુલ્લાસભર્યા વાતાવરણમાં ઊગી રહેલું વૃક્ષ ભવિષ્યમાં ઘટાદાર બનીને એ બે જ વ્યક્તિઓને માત્ર નહિ, એમની આસપાસની તેમ જ અજાણી એવી અનેક વ્યક્તિઓ માટે  વિસામો બનવાનું વચન આપે છે. અપેક્ષાઓ ઘટાડીને શરૂ થતાં સંબંધો ભવિષ્યમાં અપેક્ષા કરતાં પણ ઘણીબધી સમૃદ્ધિ આપવાની ખાતરી આપે છે.

અંગ્રેજીમાં જેને લવ એટ ફર્સ્ટ સાઈટ કહેવાય છે તે પ્રથમ દૃષ્ટિએ જ પ્રેમમાં પડી જવાની ક્રિયા વાસ્તવમાં એક ભ્રમણા છે. લાઈકિંગ એટ ફર્સ્ટ સાઈટ જરૂર હોઈ શકે. જોતાંવેંત કે મળતાંવેંત કોઈ વ્યક્તિ ગમી જાય એવું બને. એનું વર્તન, એના વિચારો, એનો દેખાવ, એના વ્યક્તિત્વનું કોઈ એક કે એકાધિક પાસું ગમી જાય એવું ચોક્કસ બને. ચાહવાનું તો ઘણું પાછળથી આવતું હોય છે. ગમવામાંથી ચાહવા સુધી જવાના માર્ગમાં આવતી માઈલસ્ટોન્સરૂપી તારીખોને અંગત ડાયરીમાં રેડ-લેટર ડેથી નવાજવામાં આવતી હોય છે. આઈ લવ યુ શબ્દોથી શરૂ થયેલો સંબંધ આઈ હેઈટ યુ સુધી પહોંચીને તૂટી શકે છે. આઈ લાઈક યુથી આરંભાતો સંબંધ 'આઈ લવ યુ' પર જઈને વીરમે છે.

ગમવામાંથી ચાહવા તરફ જવામાં સૌથી મોટું નડતર અપેક્ષાઓ ઊભી કરે છે. ગમતી વ્યક્તિને ચાહી ન શકાય ત્યારે અહેસાસ થતો હોય છે કે એક અદૃશ્ય દીવાલ, અપેક્ષાઓની દીવાલ બાધા બનીને ઊભી છે. અપેક્ષાઓ બીજી વ્યક્તિની, અપેક્ષાઓ આસપાસની વ્યક્તિઓની પોતાના માટેની અને અપેક્ષાઓ પોતાની જ, પોતાના માટેની આવી દીવાલ સર્જાવાની જ. એ કુદરતી છે. એ દીવાલને ઓળંગ્યા વિના આગળ નથી વધી શકાવાનું એ પણ નક્કી. માટે જ બને એટલી ઓછી ઊંચાઈએ એને અટકાવી દેવી જેથી એક નાનકડા મક્કમ કૂદકા વડે એને ઠેકી શકીએ.

નવો સંબંધ એક નવા માનસિક વિશ્વ સાથે આવે છે. કલ્પનામાં રચાયેલા એ વિશ્વનો મેળ દુનિયાદારીના વિશ્વ સાથે, વ્યવહારજગત સાથે કઈ રીતે પડે તે જોવાનું કામ બેઉ સંબંધિત વ્યક્તિઓનું છે. એમાં ત્રીજી કોઈ વ્યક્તિ, ગમે એટલી આત્મીય હોય તોય સહાયરૂપ ના થઈ શકે, કારણકે એ ત્રીજી વ્યક્તિ બહુ બહુ તો કાલ્પનિક વિશ્વનો ચિતાર જોઈ શકે, એના જન્મ સમયે થયેલો રોમાંચ ના અનુભવી શકે. એ ત્રીજી વ્યક્તિ બહુ બહુ તો વ્યવહારુ દુનિયાનાં વિઘ્નો દેખાડી શકે, એ વિઘ્નો દૂર કરવાની મક્કમતા ના આપી શકે. આવી મક્કમતા એમની પાસે જ હોય જેઓ પેલા રોમાંચની તીવ્રતા અનુભવી ચૂક્યા હોય અને એ માનસિક અનુભવને ભૌતિક કે દુન્યવી કે વ્યવહાર ઉકેલોમાં ફેરવવાની સમજદારી ધરાવતા હોય.

જીવનમાં શું કરવું છે એનો નિર્ણય જેટલો અગત્યનો છે એટલું જ મહત્ત્વનું એ નક્કી કરવાનું છે કે કોની સાથે એ બધું શેર કરવું છે. શું કરવું છે અને કોની સાથે રહીને કરવું છે એવા વિચારોના તાણાવાણા ગૂંચવાઈ જતા લાગે ત્યારે એને છૂટા પાડીને, એક એક તારને અલગ કરીને એનું સ્વરૂપ સમજવામાં ઘણો સમય વીતી જઈ શકે, ક્યારેક આખો જન્મારો આવું ન બને તે માટે પાછળ એક ઝડપી નજર કરીને નક્કી કરી લેવાનું કે મનમાં કઈ બાબતો અંગેના વિચારો અત્યાર સુધી સતત બદલાતા રહ્યા છે અને કઈ કઈ બાબતો અંગેના વિચારો ક્યારેય બદલાયા નથી. બદલાતા રહેલા વિચારોમાં શું હજુય પરિવર્તન આવી શકે છે? ન બદલાયેલા વિચારો પણ વખત જતાં બદલાઈ જાય એવું બને! વિચારોના બદલાવા, ન બદલાવાની આ પ્રક્રિયા અવિરત ચાલ્યા કરવાની. એમાં અટવાઈ જઈને ખોવાઈ જતાં બચવું હોય તો સૌપ્રથમ એટલું નક્કી કરી લેવાનું કે જે થાય તે આપણે સાથે જ છીએ-વિચારોમાં પરિવર્તન આવશે, બાકીનું બધું જ બદલાઈ જશે, છતાં આપણે સાથે છીએ.

## સમાચાર

### તંદુરસ્તી સાચવવાની ચાવી અને બીમારીને જાકારો આપતી બાયોવેલ કૅમેરા દ્વારા થતી ઑરા ફોટોગ્રાફી

આપણા દેશમાં એક સમયે ૫૦ વર્ષની આયુ બહુ મોટી ગણાતી. ભાગ્યે જ કોઈ ૭૦, ૮૦ કે ૯૦ વર્ષ જીવતાં. એની પાછળનું કારણ હતું બીમારી, નિદાનની સુવિધાનો અભાવ. તાવ કે શરદી જેવી સાવ સામાન્ય બીમારીમાં લોકો ગુજરી જતા હતા. જોકે, સમયની સાથે નિદાનનાં નવાં નવાં સાધનો ઉપલબ્ધ થતાં આજે સરેરાશ આયુષ્ય ૭૦ની નજીક પહોંચ્યું છે.

આયુષ્ય જરૂર વધ્યું છે, પણ કૅન્સર, કિડની કે હૃદયની જીવલેણ બીમારીનું પ્રમાણ પણ ભયંકર રીતે વધતાં આજે બધા પરેશાન છે. આવી સ્થિતિમાં કોઈ એવું સાધન હાથ લાગે જે આપણા શરીરની અંદર થઈ રહેલા ફેરફારનું નિદાન કરી શકે તો કેવું? જી હા, આવું સાધન આજે આપણી વચ્ચે ઉપલબ્ધ છે-બાયોવેલ કૅમેરા, જેની મદદથી શરીરની અંદરની ઊર્જાની માહિતી મેળવીને આપણે કેટલા સ્વસ્થ છીએ એનો આંશિક અંદાજ મેળવી શકાય છે.

રશિયન ટેક્નૉલૉજી ધરાવતા બાયોવેલ કૅમેરાના લેન્સ પર હાથની આંગળીનાં ટેરવાં મૂકીને શરીરની ઑરા એટલે કે આભામંડળનો ગ્રાફ અથવા તો રિપોર્ટ મેળવી શકાય છે. આ રિપોર્ટમાં આપણા શરીરની અંદરની ઊર્જા સાથે શરીરની નૅગેટિવ કે પૉઝિટિવ ઍનર્જી માપી શકાય છે અને એને આધારે આપણે કેટલા તંદુરસ્ત છીએ એ ચોક્કસ રીતે જાણવાથી શરીરના ક્યા અવયવમાં બીમારી આવશે એ જાણી આગોતરી સમયસર સારવાર કરી એ બીમારીથી બચી શકાય છે.

જોકે, ખાટલે મોટી ખોડ એ છે કે આપણી તંદુરસ્તીનું રાજ ખોલી આપતાં બાયોવેલ કૅમેરા વિશે અત્યારે બહુ ઓછું જાણીએ છીએ. આમ જોવા જઈએ તો આ રશિયન ટેક્નૉલૉજી ૩૦ વર્ષથી પ્રચલિત છે. આ આધુનિક ઉપકરણની જાગૃતતાના અભાવે કોઈ મોટી બીમારી અચાનક આવી પડે તો હૉસ્પિટલને લાખો રૂપિયા ચૂકવવા મજૂબર બનીએ છીએ. સમયાનુસાર મેડિકલ ટેસ્ટ કરાવીએ છતાંય ઘણી વાર રિપોર્ટમાં કંઈ જ ન હોવા છતાં લોકો ગંભીર બીમારીમાં પટકાતા હોય છે.

આની સામે બાયોવેલ કૅમેરાના ઉપયોગથી જો શરીરના સ્વાસ્થ્યનો કયાસ કઢાવીએ તો સાવ મામૂલી ખર્ચમાં આપણે આગામી બીમારીની આગોતરી માહિતી મેળવી શકીએ છીએ. બાયોવેલ કૅમેરા આપણા શરીરની અંદરનાં તમામ ચક્રોનો રિપોર્ટ આપી દે છે. આ ચક્રો જ આપમા શરીરના આધારસ્તંભ છે. આથી જો ચક્રોમાં કોઈ ગડબડ હોય તે અવયવની માહિતી આપે છે જેને આધારે સમયસર સારવાર કરાવીને આપણે મોટી મુશ્કેલીથી બચી શકીએ.

આપણામાં કહેવત છે ને કે તન દુરસ્ત તો મન દુરસ્ત. જ્યારે શરીર અને મન સ્વસ્થ હોય ત્યારે જ આપણે આપણું કામ એકાગ્રતાથી કરી શકીએ અને લક્ષ્ય હાંસલ કરી શકીએ. ઑરા ફોટોગ્રાફનાં મુખ્ય શહેરોમાં અનેક સેંટરો છે. ઘમે છેકાણે વિદેશીઓનું મુખ્ય આકર્ષણ બને છે ઑરા ફોટોગ્રાફી દ્વારા સાત ચક્રોની ગતિવિધિનું નિદાન. ઑરા ફોટોગ્રાફીમાં માહીર એવી મહાન વિભૂતિ ડૉ. જે. એમ. શાહને મુંબઈમાં અંધેરીના સોના ઉધ્યોગ ખાતે ઉગાઉથી ઍપોઈન્ટમૅન્ટ દ્વારા મળી શકાય છે.


રશિયા અને અંધેરીના પ્રખ્યાત ડૉ. જે. એમ. શાહ બાયોવેલ કૅમેરાના મૂખ્ય સૂત્રધાર છે. એમના સેમિનારમાં જોડાવા, બાયોવેલ કૅમેરાના ઉપયોગ શીખવા, ખરીદવા કે સેંટર શરૂ કરવા માટે એમનો ૯૧ ૯૮૨૧૦૫૫૨૧૬ નંબર પર સંપર્ક કરી શકાય.

## શુભસંદેશ

- નાથ વિનાનો બળદ અને નિયમ વિનાનો મરદ એ બંને નકામા છે.
- ચાલો સાથે મળી ભગવાનના વારસ બની જઈએ, શરત બસ એટલી કે પહેલાં માણસ બની જઈએ.
- ભગવાન ક્યાં રહે છે? માતા-પિતાની સેવા કરનારને ઘરે, પતિવ્રતા સ્ત્રીને ઘરે, અતિથિનો સત્કાર કરનારને ત્યાં, સત્યવાદી-ઈમાનદાર વેપારીને ત્યાં.
- ભાગ-ભાઈની પસંદગીમાં ભાઈ પસંદ કરજો. ભાગ તો દુશ્મન પાસેથી પણ મળશે, પણ ભાઈ ભાગ્યથી જ મળે.
- ના પાડશો કોઈની સાથે વાંધા, તરત નબળા પડશે શરીરના સાંધા, અરે! તૂટી જશે સ્નેહના સર્વ સાંધા, પછી કદી નહિ સંધાય એ સાંધા.
- જેનાં નયન નીચાં, જેનાં વચન મીઠાં,
  જેનામાં સર્વ પ્રત્યે સ્નેહ દીઠા, તેનું નામ સદ્ગુરુ.
- તંદુરસ્તીમાં દાન સોના જેવું, માંદગીમાં ચાંદી જેવું, મૃત્યુ પછી દાન સીસા જેવું. માટે હાથે તે સાથે.
- ન ધરા સુધી, ન ગગન સુધી, ન ઉન્નતિ, ન પતન સુધી, આપણે તો જવું છે બસ! એકમેકના મન સુધી.

– ***પૂ. શ્રી ધીરજમુનિ મ.સા.***

## BIODATA



**NAME** : **MEGHA RAJENDRA SHAH**
**Bd/Bp** : 7th June, 1984 in Mumbai
**Height** : 5'2" • **Complexion**: Fair
**Native** : Vijapur, Gujarat
**Caste** : Jain, **Religion :** Visha-Oswal
**Education:** Masters in Management Studies (MMS), Mumbai University
**Profession:** Chief Manager, Trade Finance & Forex Sales, Commercial Banking, Kotak Mahindra Bank Ltd., Mumbai
**Father** : Mr. Rajendra M. Shah (B.Com), Diamond Merchant
**Mother** : Mrs. Falguni R. Shah (B.Sc DMLT)
**GR. Parent:** Late Dr. Matubhai P. Shah & Late Mrs. Gunvantiben M. Shah
**Brother** : Jay – BE (IT), Mumbai.; MS (IT) California, USA – working with WalMart Inc. as Software Engineer
**Resi. Add.:** 404-A, Shalimar Apts., Tagore Road, Santacruz (W), Mumbai-54
**Off. Add.:** M/s. Sterling Jewels, 304, Darshan Smruti, S.V. Road, Opp. Vijay Sales, Santacruz (W), Mumbai-400 054
**Tel. Nos.:** 022-26191758 / 022-26605104 / 9322227571
**Email** : rajendrashah54@gmail.com
**Uncle** : 1. Dr. Dhananjay M. Shah (MBBS, FCCP) - Tel: 9819439657
2. Mr. Surendra M. Shah (M.Sc, DBM) - Tel: 9322593679
**Mosal** : Mr. Kantilal Manilal Shah (BE-Elec. & Mech.)Chairman Best Exports, 9322854072
Dr. Samir K Shah - 9820092962
**Fuaa** : Mr. Umesh V. Doshi - 9322896909
Mr. Nitin C. Shah - 9820859531

ADVT.

## BIODATA



**NAME** : **DR. SHREYA BHARATBHAI DOSHI**
**Bd/Bp/Bt** : 3-7-1988 / Vadodara / 5.05 am
**Height** : 5'-3" * **Weight :** 57 kg
**Education** : BDS, MDS Periodontology and Oral Implantology
**Job** : Consultant Periodontist
**Hobbies** : Dancing, Travelling and Music
**Religion** : Dasha Shrimali Sthanakvasi Jain
**Native** : Amrapur (Dist-Amreli)

**Family Details :**

**Father** : Bharatbhai Dahyalal Doshi
**Occupation** : Business-Chemical Manufacturing
**Address** : Vinayak Organics Pvt. Ltd., 75, GIDC, Waghodia, Dist - Vadodara. + 919824010950
**Residence** : 54, Gajanand Soc., Opp. Bank of Baroda, Manjalpur, Vadodara-390011
**Tel** : 0265-2663638
**Email** : krutisdoshi10@gmail.com
**Mother** : Jyotiben Bharatbhai Doshi (Housewife) M. : +919825040165
**Brother** : Shrenik B. Doshi (married) + 919712940850
**Siterin Law:** Kruti Shrenik Doshi
**Gr. Parents:** Late Shri Dahyalal Motichand Doshi
Late Smt. Ansuyaben Dahyalal Doshi
**Mosal** : Late Shri Dolatray Vasanji Gathani
Smt. Savitaben Dolatray Gathani
**Maternal** : Nalinkant Dolatray Gathani (Ghatkopar)
Mukeshbhai Dolatray Gathani (Vadodra)
+ 919825040850
**Mumbai Ref:** Bipinkumar Chimanlal Shah (Fua)
**Address** : 6 / 1411, Soham Park, Hari Om Nagar, Opp. State Bank of India, Mulund (E), Mum-81
**Contact** : +919867660258

ADVT.

# જેજેસી કાંદિવલી


સંચાલિત

## જૈન સગપણ માહિતિ સેન્ટર (કાંદિવલી)

(શ્રી કિરીટભાઈ ભાઈલાલભાઈ શાહ પરિવાર પ્રેરિત)



### સપ્તમ્ યુવક - યુવતી પરિચય સંમેલન ( ગ્રેજ્યુએટ યુવા મેલા)



**રવિવાર • તા. ૨૪ મી જાન્યુઆરી ૨૦૧૬ • સમય : સવારે ૮.૦૦ થી બપોર ૨.૦૦ સુધી**

બે અલગ પરિવારોની પરંપરા, બે અલગ અલગ પાત્રોની વર્તમાન જીવનશૈલીની વિવિધતાનો સમજણથી સમન્વય કરીને આપના ભાવિ જીવનને સગપણના સેતુ પ્રતિ દોરી જતો "મંગલ મંચ" એટલેજ "જૈન સગપણ માહિતી સેન્ટર" જેના દ્વારા રજીસ્ટર્ડ થયેલા, મુંબઈ કે મુંબઈ બહારના માત્ર અપરિણીત સ્નાતક (ગ્રેજ્યુએટ) થયેલા, જેઓની વય ૨૧ થી ૩૩ વર્ષ સુધીની જ હોય એવા જૈન સમાજના લગ્ન ઈચ્છુક યુવક/યુવતીઓને તા. ૦૫.૧.૨૦૧૬ સુધીમાં તેમનું નામ રજીસ્ટર્ડ કરાવીને આ સંમેલનમાં સહભાગી થવા અમારૂં હાર્દિક આમંત્રણ છે. વહેલા તે પહેલાના ધોરણે નામો રજિસ્ટર્ડ કરવાના રહેશે. નિર્ધારીત સભ્ય સંખ્યા પૂરી થયા પછી વધુ નામો સ્વીકારવામાં આવશે નહીં.

**સંપર્ક સૂત્ર : જૈન સગપણ માહિતિ સેન્ટર**

દુકાન નં. ૯, સાંઈરાજ ગાર્ડન, હેમુકલાની રોડ નં. ૩, (ઈરાની વાડી) મોદી પાર્કની સામે,
કાંદિવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૬૭. ફોન : ૨૮૬૬ ૦૧૬૯ મો. ૯૯૨૦૭૨૨૫૪૨ / ૯૮૬૯૭૮૭૪૩૯ / ૯૮૨૧૦૫૦૧૬૯.
Website : www.jjckandivali.com ❍ Email : info@jjckandivali.com

---

# JJC Rajwadi

C/o. Shop No. 23, Morar Baug, 60 Feet Road, Opp. Standard Chartered Bank, Ghatkopar (E), Mumbai - 400 077. Email : rajwadisagpan@gmail.com

## રજવાડી સગપણ માહિતી કેંદ્ર

આજકાલ લગ્નોત્સુક યુવક-યુવતી માટે યોગ્ય જીવનસાથીની શોધ વડીલો માટે સમસ્યારૂપ થઈ ગઈ છે. JJC રજવાડી ગ્રુપ આ દિશામાં આશાનું કિરણ લઈ આવે છે... અમારા ગ્રુપમાં રજિસ્ટ્રેશન કરાવો.... ઈ મેઈલ આઈડી દ્વારા અને દર ગુરૂવારે અમારી ઓફીસમાં પ્રત્યક્ષ પધારી યોગ્ય પાત્રની વિગતો પ્રાપ્ત કરો.

**અમારા ગ્રુપમાં નામ નોંધાવવા**

૧) યુવક/યુવતીના ત્રણ ફોટા / બાયોડેટા

૨) સમય : સવારે ૧૧.૦૦ થી ૪.૦૦ સોમથીશનિવાર

૩) રજિસ્ટ્રેશન ફી રૂા. 500/ - ભરવાની રહેશે.

**CONTACT :**

Sunil Shah - 75062 66440
Praful Mehta - 98200 68297
Harsha Shah - 98336 70028

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | મિતુલ અનિલકુમાર સંઘાણી ૩૧-૩-૧૯૮૮ ૫'-૧૧''<br>C.A., Pursuing ACCA (UK) – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – મલાડ (વે) | (મો) ૯૦૨૯૨૫૮૯૯૧<br>૯૯૩૦૨૭૪૬૨૦ |
| ૨) | અમિત નરેશભાઈ શાહ, ૧૦-૧૧-૧૯૮૧, ૫'-૭''<br>B.Com., – | વીસા ઓ. મૂ. પૂ. દેરા. જૈન<br>પાલનપુર – બોરીવલી | —<br>(મો) ૯૩૨૦૮૦૭૪૯૧૧ |
| ૩) | વિશાલ બિપીનચંદ્ર ઝવેરી, ૮-૧૨-૧૯૭૩, ૫'-૫''<br>S.S.C., – (હળવો મંગળ છે) | સુરત વીસા ઓસ. દેરા. જૈન<br>સુરત – અંધેરી | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>— |
| ૪) | પુનિત મુકેશભાઈ શાહ, ૨૯-૧૨-૧૯૯૧ ૫'-૧૦''<br>B.M.S.– ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ | દશા શ્રીમાળી દેરા. જૈન<br>- ચેમ્બુર | (મો) ૮૮૭૯૭૯૨૮૪૯<br>૯૨૨૦૯૨૭૮૮૫ |
| ૫) | અમિત જગતભાઈ શાહ ૨૯-૫-૧૯૮૪ ૬'-૦૦''<br>B.Com.,M.Com.,M.C.A., M.I.M.– (મો.:૯૩૨૦૧૬૬૭૮૮) | વીસા શ્રીમાળી સ્થા. જૈન<br>ભાવનગર – વિલે પાર્લા (વે) | (ઘર) ૨૬૭૧૨૨૨૮<br>૯૯૮૭૭૬૬૭૮૮ |
| ૬) | ધવલ કોઠારી, ૨૫-૬-૧૯૮૩, ૫'-૬''<br>B.A., – | —<br>ઉપલેટા | (ઘર) ૦૨૮૨૬-૨૨૪૮૧૮<br>(મો) ૦૯૩૭૭૧૪૧૮૭૫ |
| ૭) | ચેતસ જગદીશભાઈ શાહ, ૦૧-૬-૧૯૮૬, ૬'-૦૦''<br>M.B.A., (Finance) – (મંગળ છે) | દશા શ્રીમાળી જૈન<br>પોરબંદર - મુંબઇ | (ઘર) ૨૬૪૯૨૮૦૫<br>(મો) — |
| ૮) | રાજન કિરીટભાઈ મહેતા, ૭-૪-૧૯૮૫, ૫'-૧૦''<br>H.S.C., – બિઝનેસ (પ્રિન્ટિંગ પ્રેસ) (નિર્દોષ છૂટાછેડા) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વરાડિયા – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | રાગિની મહેતા, ૧૩-૧-૧૯૮૯, ૫'-૧૦''<br>B.Com., C.A., LL.B. – | સ્થાનકવાસી જૈન<br>મોરબી – ઘાટકોર | (ઘર) ૦૨૨-૨૫૧૨૧૦૯૩<br>(મો) ૭૫૦૬૧૩૦૦૯૧ |
| ૨) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'-૦''<br>S.S.C. – (મંગળ છે) (શનિ છે) | સુરત વીસા ઓસ. દેરા. જૈન<br>સુરત – અંધેરી | —<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |
| ૩) | અદિતિ હરીશભાઈ શાહ, ૧૬-૧૨-૧૯૮૩, ૫'-૨''<br>B.Sc. – (જમણા કાનમાં સાધારણ તકલીફ છે) | ઝાલાવાડ દશા શ્રીમાળી સ્થા.જૈન<br>શિહોર - ગોરેગામ | (ઘર) ૨૮૯૧૭૪૨૬<br>(મો) ૯૮૨૦૫૦૯૨૧૨ |
| ૪) | ટ્વિન્કલ ભરતભાઈ શાહ, ૧૩-૯-૧૯૮૫, ૫'-૩''<br>C.A. – | ઘોઘારી વીસા ઓશવાળ જૈન<br>શિહોર – બોરીવલી | (ઘર) ૨૨૯૩૦૯૫૨<br>(મો) ૯૩૨૩૧૨૧૫૬૩ |
| ૫) | કૃતિ અશોકભાઈ દોશી, ૧૭-૧૨-૧૯૮૬, ૫'-૧''<br>B.A., Advertising & Animation | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>પાલિતાણા- મુંબઇ | (ઘર) ૨૩૪૨૦૧૫૪<br>(મો) ૯૩૨૦૧૩૦૦૦૮ |

# Enjoy Holidays with Gem Travels

## Splendid South Africa
09 N / 10 D



₹115999/- Departure Every Wednesday

## Only Seychelles
05 N / 06 D



₹90000/- Departure Every Thursday

## Italy with Swiss
10 N / 11 D



EURO 1549 + Airfare + Visa Taxes
Departure:Every Sunday

## Beauty Europe
08 N / 09 D



₹49999/- + Euro 1150 Departure Every Thursday & Sunday

## Amazing New Zealand
13 N / 14 D



₹80000/- + NZD 2559

## DUBAI
05 N / 06 D



₹50000/- Daily Departure

**INCLUSION:** Accommodation, All Meals, All Sightseeing, All Transfers, Services of Indian Tour Manager & Indian Chef, Visa, Tips.

GEM™ TOURS & TRAVELS PVT. LTD
*The Luxury Tour Co.*

- Hemang Doshi +91 9322216626
- Virag Shah +91 9821065854
- Hemen Kanthawala +91 9819084064
- Dolly Jain +91 9004703237

*Address:15th Floor, A wing, Naman Mid Town, Next to India Bulls Finance Centre, Senapati Bapat Marg, Elphinston Road (W), Mumbai 400013. India. Website: www.gemtravels.com*

**HUGHES ROAD:** (022) 2367 7070, **DELHI:** +011 40540012/13, **PARLE:** (022) 26178400, **KHAR:** +91 8291619279, **KANDIVALI:** +91 9920133567, **VASHI:** +91 91 22 41237070, **PUNE:** +91 9326222552, **CHENNAI:** +91 44 26401780, **AHMEDABAD:** +91 792 646 0300, **SURAT:** +91 2613913900, **JAMNAGAR:** +91 9426207014, **BANGALORE:** +91 9840045533, **VASHI:** +91 22 41237070, **GURGAON:** 01244141468

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/10/2015
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MH/MR North East/03/2013-2015

# Inauguration of ASPEE AUDITORIUM by Smt. Hema Malini(MP) (Chief Guest)

Marve Road, Malad (West), Mumbai - 400 064.













## List of the Trustees

*Shri Sharad L. Patel*

*Dr. Anil N. Suchak*
*Shri Arun D. Khakhar*
*Shri Anil B. Patel*

*Shri Kiran L. Patel*
*Shri Shailesh D. Shah*
*Shri Harish Gajjar*

*Shri Jagdish D. Khakhar*
*Dr. Mohan I. Patel*
*CA. Manish R. Choksi*

ADVT



Printed & Published by : **RAMESH JETHALAL MORBIA** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **RAMESH MAGANLAL SANGHVI**